dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ
SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 09 | Issue- 34 | AD - 2025, Kartak Vad - 02 | Friday, Dt.07-11-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## મહિલાઓએ ઉત્સાહથી મતદાન કર્યું, શહેરી કરતાં ગ્રામીણ વિસ્તારોમાં ભારે મતદાન થયું

# બિહાર વિધાનસભા ચૂંટણી : પ્રથમ તબક્કામાં ૬૬% મતદાન

પટણા,તા.૬

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનું તા.૬ના રોજ મતદાન યોજાયું હતું. રાજ્યભરમાં ૧૨૧ બેઠકો પર મતદાન થયું છે. જયારે ૧૧ નવેમ્બરે ૧૨૨ બેઠકો માટે ચૂંટણી યોજાશે. વિધાનસભા ચૂંટણીના પરિણામો ૧૪ નવેમ્બરે જાહેર કરવામાં આવશે. મતદાનના પ્રથમ તબક્કામાં ઘણી અગ્રણી વ્યક્તિઓનું ભાવિ મતદારોએ ઈવીએમ મશીનમાં સીલ કર્યું છે. બિહાર ચૂંટણીના પ્રથમ તબક્કામાં ભારે મતદાન જોવા મળ્યું. મહિલાઓએ ભારે ઉત્સાહ સાથે મતદાન કર્યું હતું. પ્રથમ તબક્કામાં એકંદરે ૬૫.૧૩ ટકા જેટલું મતદાન નોંધાયું હતું. બેગુસરાયમાં સૌથી વધુ ૬૦% મતદાન નોંધાયું હતું, જ્યારે પટણામાં સૌથી ઓછું ૪૯% મતદાન નોંધાયું છે. નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર સિંહાના કાફલા પર થયેલા હુમલા અંગે પોલીસ મહાનિર્દેશકે કાર્યવાહી કરવા જણાવ્યું છે. સીઈસી જ્ઞાનેશ કુમારે જણાવ્યું છે કે કાયદો



પોતાના હાથમાં લેનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. વિજય સિંહાએ રાજદ કાર્યકરો પર હુમલાનો આરોપ લગાવ્યો છે. લખીસરાયમાં વિજય સિંહાના કાફલા પર હુમલો કરવામાં આવ્યો હતો. પ્રથમ તબક્કામાં ૧,૩૧૪ ઉમેદવારોનું ભાવિ નક્કી કર્યું છે જેમાં મહાગઠબંધનના મુખ્યમંત્રી પદના ઉમેદવાર અને આરજેડી નેતા તેજસ્વી યાદવ, ભાજપના ઉમેદવાર અને બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી, વિજય કુમાર સિંહા અને નીતિશ કુમારના કુલ ૧૬ મંત્રીઓની પ્રતિષ્ઠા દાવ પર છે. કુધની અને મુઝફ્ફરપુરમાં સૌથી વધુ ૨૦ ઉમેદવારો છે, જ્યારે ભોરે, અલૌલી અને પરબટ્ટામાં ફક્ત પાંચ ઉમેદવારો છે. કુલ ૪૫,૩૪૧ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે, જેમાંથી ૩૬,૭૩૩ ગ્રામીણ વિસ્તારોમાં છે. કુલ મતદારોમાંથી ૧૦.૭૨ લાખ નવા મતદારો છે, જ્યારે ૧૮-૧૯ વર્ષની વય જૂથના મતદારોની સંખ્યા ૭.૩૮ લાખ છે. મુંગેર જિલ્લાના ભીમબંધ વિસ્તારમાં ૨૦ વર્ષ પછી મતદાન થયું, જે લાંબા સમયથી નક્સલવાદના પડછાયા સાથે ઝઝૂમી રહ્યું છે. ૨૦૦૫માં પોલીસ અધિક્ષક સી. સુરેન્દ્ર બાબુ અને સાત પોલીસકર્મીઓની હત્યા બાદ અહીં મતદાન મથકો બંધ કરી દેવામાં આવ્યા હતા. જોકે, આ વખતે ત્રણ વિધાનસભા મતવિસ્તારમાં શાંતિપૂર્ણ રીતે મતદાન થયું. ગ્રામજનો ખુશ છે કે લોકશાહી હવે તેમના ઘરઆંગણે આવી ગઈ છે. મુંગેર જિલ્લાના ત્રણ વિધાનસભા મતવિસ્તારમાં સવારથી જ મતદાન પૂરજોશમાં ચાલી રહ્યું હતું. નક્સલ પ્રભાવિત ભીમબંધમાં સાત મતદાન મથકો ફરી ખુલ્યા. કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોની ભારે તૈનાતી સાથે સુરક્ષા કડક હતી. બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાન વચ્ચે, રાષ્ટ્રીય જનતા દળના વડા લાલુ પ્રસાદ યાદવ, તેમની પત્ની રાબડી દેવી અને પુત્ર તેજસ્વી યાદવે પટનામાં મતદાન કર્યું. તેજસ્વી યાદવની પત્ની રાજશ્રી યાદવ અને તેમની બહેન મીસા ભારતી પણ મતદાન કરવા માટે હાજર રહ્યા હતા. રાજદ વડા લાલુ યાદવે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ ચૂંટણી બિહારમાં પરિવર્તન લાવશે. મતદાન સવારે સાત વાગ્યાથી શરૂ થયું હતું. ભારે ઠંડી હોવા છતાં કેટલાક મતદાન મથકો પર મતદારોની લાઈનો જોવા મળી હતી જયારે કેટલાક સ્થળોએ ઈવીએમ મશીનમાં ખામી સર્જાઇ હતી જોકે મતદાન મશીન બદલી મતદાન શરૂ કરવામાં આવ્યું હતું. મતદારોએ ભારે ઉત્સાહ સાથે મતદાન કર્યું હતું. મહિલાઓએ ભારે ઉત્સાહથી મતદાનમાં ભાગ લીધો હતો, શહેરી વિસ્તારો કરતાં ગ્રામીણ વિસ્તારોમાં ભારે મતદાન થયું હતું.









# બાબરાના ફુલઝર ગામે જૂથ અથડામણ બાદ સામસામી ફરિયાદ

અમરેલી,તા.૦૬

બાબરા તાલુકાના ફુલઝર ગામમાં બુધવારની રાત્રે લગ્ન પ્રસંગમાં થયેલી બબાલે હિંસક સ્વરૂપ ધારણ કરતાં એક વ્યક્તિની હત્યા થઈ હતી, જ્યારે ૧૦ જેટલા લોકોને ઈજાઓ પહોંચી હતી. આ ઘટનામાં બંને પક્ષે સામસામે ૫૦થી વધુ લોકો સામે ફરિયાદ નોંધાવી છે. પરિસ્થિતિ વણસતા ગામમાં પોલીસના ધાડેધાડા ઉતારાયા હતા, જોકે હાલ શાંતિનો માહોલ છે. ફરિયાદ મુજબ, દેવગર શિવગિરી ગૌસ્વામીના દીકરાના લગ્નના ફુલેકામાં રઘુ ગોકુળભાઈ પદમાણીના પુત્ર સાગરનું ટ્રેક્ટર ઘોડીને થોડું અડી જતાં બબાલ શરૂ થઈ. હરદીપ વાળાએ સાગરને ગાળો આપી અને લાફા માર્યા હતા. જેથી સાગરે ઘરે વાત કરતા સાગરના સગા-સબંધીઓ હરદીપને ઠપકો આપવા જતા માણસુરભાઈ વાળાએ ટોળા પર ક્રેટા કાર ચડાવી દેતા મનસુખ ભીખાભાઈ રાદડિયા અને મહેન્દ્ર મુળજીભાઈ ગજેરા ઈજાગ્રસ્ત થયા હતા.



આ દરમિયાન મોટા દેવળિયા ગામના મહેન્દ્ર ભાણાભાઈ વાળાને પણ ક્રેટાએ ટક્કર મારતાં ગંભીર ઈજાઓ થઈ હતી અને સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. જો કે સામા પક્ષે હરદીપ દેવકુભાઈ વાળાએ ફરિયાદ નોંધાવી કે સાગર પદવાણીએ જાણી જોઈને ટ્રેક્ટર ઘોડી સાથે અથડાવ્યું હતું. ઠપકો આપતા ૨૯ જેટલા લોકો સાથે ૫૦ લોકોનું ટોળું ધસી આવ્યું અને લોખંડની પાઈપ-ધારિયા જેવા ઘાતક હથિયારો વડે જીવલેણ હુમલો કર્યો હતો. જેમાં દેવકુભાઈ અને નાગરાજભાઈને હાથમાં ફેક્ચર થયું. પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**હાલ ગામમાં શાંતિપૂર્ણ માહોલ : ડીવાયએસપી દેસાઈ**

આ મામલે ડીવાઈએસપી ચિરાગ દેસાઈએ જણાવ્યું હતું કે, હાલ બંને પક્ષે સામસામે ફરિયાદ નોંધાઇ છે. આ બનાવમાં એકનું મોત થયું હોવાથી હત્યાની કલમનો ઉમેરો કરવામાં આવ્યો છે. હાલ ગામમાં શાંતિનો માહોલ છે. જોકે, શાંતિ ન ડહોળાય એ માટે પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. આ મામલે હાલ આગળની તપાસ અમે કરી રહ્યા છીએ.

**ટ્રેક્ટર ઘોડીને અડી ગયા બાદ બબાલ થઈ હતી, ક્રેટા કાર ચાલકે ત્રણ વ્યક્તિઓ ઉપર ગાડી ચડાવી દેતા એકનું મોત થયું હતું**

# બગસરામાં દલિત સમાજની વાડીના ગેરવહીવટ બાબતે પોલીસ ફરિયાદ

બગસરા, તા.૦૬

બગસરા શહેરમાં આવેલ દલિત સમાજની વાડીમાં થયેલ ગેરવહીવટ બાબતે સમાજના અગ્રણીઓ દ્વારા રજૂઆત કરતા તેમને ધમકીઓ મળી હતી. આથી દલિત સમાજ દ્વારા પોલીસને રજૂઆત કરવામાં આવેલ છે અને યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરેલ છે. મળેલ વિગતો મુજબ આ વાડીનો વહીવટ છેલ્લા ૨૦થી પણ વધુ વર્ષથી સોમાભાઈ ખીમસુરીયા



તથા જેરામભાઈ બોરીચા કરે છે. આજ દિન સુધી સમાજની વાડીના વહીવટમાં થયેલ આવક જાવક બાબતે ક્યારેય હિસાબ રાખેલ નથી તેમ જ હિસાબ માગવામાં આવે તો ગલ્લા-તલ્લા કરે છે અથવા ઉદ્ધત વર્તન કરે છે. છેલ્લે એપ્રિલ ૨૦૨૫થી વાડીનો અલગથી વહીવટ કરીને વાડીની આવકમાંથી વાસણ તેમજ સમિયાણું વસાવવામાં આવ્યું હતું. પરંતુ વાડીના જુના હોદ્દેદારોને આ બાબતે તેમને પૂછવામાં આવતા તેમણે અમને કંઈ પૂછવું નહીં, પૂછશો તો ટાંટિયા ભાંગી નાખવામાં આવશે એવી ધમકી વિજયભાઈ ખીમશુરીયા, તુલસીભાઈ ખીમશુરીયા અને રવજીભાઈ ચુડાસમા અને બીજા ૨૦ જેટલાં આગેવાનોને આપી હતી. આથી સમાજના આગેવાનો દ્વારા પોલીસને લેખિતમાં ફરિયાદ કરી કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરી હતી. જે અનુસંધાને પોલીસે તપાસ શરૂ કરી હતી.

# સાવરકુંડલામાં કોંગ્રેસ દ્વારા પ્રતિક ધરણા સાથે જંગી જાહેર સભા યોજાઈ

અમરેલી,તા.૦૬

સાવરકુંડલા શહેરમાં કોંગ્રેસે પ્રતીક ધરણા યોજી ખેડૂતો માટે વિશાળ જંગી સભા કરી હતી. કમોસમી વરસાદ કારણે ખેડૂતોના પાકમાં નુકસાન બાદ સરકાર પાસે સહાયની માગ સાથે કોંગ્રેસ આક્રમક જોવા મળી રહી છે. સાવરકુંડલા કોંગ્રેસ દ્વારા પ્રતિક ધરણા સાથે જંગી સભા



યોજી સરકારને ઘેરી હતી. પૂર્વ વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણી, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત સહિતના નેતાઓ આ પ્રતિક ધરણામાં જોડાયા હતા. સાવરકુંડલા ભાજપનો ગઢ માનવામાં આવે છે જ્યાં કોંગ્રેસના પ્રતિક ધરણામાં મોટી સંખ્યામાં ખેડૂતો પણ જોડાયા હતા. કોંગ્રેસે બળદગાડા સાથે અનોખી રીતે વિરોધ નોંધાવ્યો હતો. બળદગાડામાં બેસી પ્રતાપભાઈ દુધાત, પરેશભાઈ ધાનાણી સહિતના કોંગ્રેસ નેતાઓએ રેલી યોજી હતી. જે બાદ તંત્રને આવેદનપત્ર આપ્યું હતું.

# આંબરડીના ખેડૂતો શેત્રુંજી નદીના પાણીથી હેરાન

ધારી, તા.૦૬

આંબરડીના ખેડૂતો ગામમાંથી વહેતી શેત્રુંજી નદીના પાણીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ ખેડૂતોને શેત્રુંજી નદીના સામા કાંઠે આવેલા ખેતરોમાં જવા માટે શેત્રુંજી નદીને પાર કરીને જવું પડે છે. ખોડિયાર ડેમમાંથી જે પાણી છોડવામાં આવે છે તે આંબરડી ગામમાં થઈ શેત્રુંજી નદીમાં વહેતું થાય છે. ગામના ખેડૂતો અને ઉપસરપંચ શામજીભાઈ



તસવીર : સંજય વાળા

ખાણીયાએ સિંચાઈ ખાતાને રજૂઆત કરેલ છે કે, દિવસના ઓછું પાણી છોડવામાં આવે તો ખેડૂતો નદીમાંથી પસાર થઈને સામે કાંઠે આવેલા પોતાના ખેતરે જઈ શકે અને રાત્રે વધારે પાણી છોડે તો રાત્રે અવરજવર ના હોય જો આવું કરવામાં આવે તો ખેડૂતો તેમની ખેતી સાચવી શકે, નહીં તો ખેડૂતોને હજારો વીઘા જમીનમાં નુકસાની ભોગવવી પડશે.

# ગજેરા કેમ્પસના ખેલાડીઓનો રાજ્યકક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ

અમરેલી, તા .૦૬

મહેસાણા જિલ્લાના પાંચોટના સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે ૨૦થી ૨૪ સપ્ટેમ્બરના રોજ ૬૯મી U-૧૪,U-૧૯ ભાઈઓની રાજ્યકક્ષાની હેન્ડબોલ ચેમ્પિયનશિપનું આયોજન થયું હતું, તેમાં બહોળી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. જેમાં અમરેલી જિલ્લાની ટીમમાંથી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ અમરેલી જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) ખેલાડી U-૧૪, U-૧૯ ભાઈઓની ટીમોએ ભાગ લીધો. જેમાં U-૧૪ ભાઈઓમાં (૧) ડૂડવે નરેશ ધો-૭, (૨) હુંમ્બલ દિવ્યેશ ધો-૯, (૩) ગોહિલ મનદીપસિંહ ધો-૯, (૪) ઝાપડિયા ધો-૭, (૫) ખાવડીયા રોહિત ધો-૬, (૬) દેસાઈ કર્તવ્ય ધો-૭, (૭) જળુ કાર્તિક ધો-૬, (૮) વાઘેલા રાહુલ ધો-૬, (૯) રાઠોડ રુદ્ર ધો-૮ (૧૦) સાકળીયા મીત ધો-૮, (૧૧) જળુ સિધ્ધરાજ ધો-૮, (૧૨)



ચારોલીયા ચતુર ધો-૮ હેન્ડબોલ ટીમે સુવર્ણ પદક મેળવેલ. અને U-૧૯ ભાઈઓમાં (૧) ઉસદડ વાસુ ધો.૧૨, (૨) સોલંકી વિજય ધો.૧૧, (૩) બારૈયા સિદ્ધાર્થ ધો.૧૨, (૪) બારૈયા રાહુલ ધો.૧૧, (૫) બાંભરોલિયા નૈતિક ધો.૧૧, (૬) બારૈયા વિશાલ ધો.૧૧, (૭) મકવાણા પિયુષ ધો.૧૧, (૮) બાલધિયા રાહુલ ધો.૧૦, (૯) શિયાળ વિજય ધો.૧૧,(૧૦) કામ્બડ ઉમેશ ધો.૧૨, (૧૧) ખુટી કરણ ધો.૯ હેન્ડબોલ ટીમે રજત પદક પ્રાપ્ત કરી સિધ્ધી હાંસલ કરેલ છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ટીમ, કોચ રવિભાઈ નાવડિયા અને ટ્રેનર કમલેશભાઈ ભાલીયા, ભૂમિબેન ડાંગરને અભિનંદન પાઠવ્યા હતા.

# લીલીયા મોટામાં જિલ્લા કોંગ્રેસ અને ખેડુતો દ્વારા ખેતી બચાવો આંદોલન યોજાયું

લીલીયા, તા.૦૬

અમરેલી જિલ્લામાં ખરીફની સિઝન દરમ્યાન માવઠાથી તમામ ખેતી પાકોને થયેલ નુકસાનીનું વળતર ચુકવવા બાબતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, પરેશભાઈ ધાનાણી, ટીકુભાઈ વરુ, વલ્લભભાઈ ઝિંઝુવાડીયા સહિતના કોંગ્રેસી આગેવાનોની ઉપસ્થિતિમાં ખેતી બચાવો સત્યાગ્રહ આંદોલન લીલીયા મોટાના લાઠી રોડ, સરદાર ચોક ખાતે યોજાયું હતું. આ આંદોલનની સાથે સાથે મામલતદારને આવેદનપત્ર પાઠવાયું હતું, જેમાં જણાવ્યું હતું કે, તાજેતરના સતત માવઠા અને અતિ ભારે વરસાદના કારણે ઉભેલા તથા ખળા/પડામાં પડેલા ખેતી પાક ઉપજોને ભારે નુકસાન થયેલ છે. અમારા તારણ અનુસાર કપાસ અને સોયાબીન સહિતની કૃષિ ઉપજને ઉભા છોડવે જ નવીન કોટા ફૂટી જવા, મગફળીના પાથરા તણાઈ જવા, દાણા ફૂટી જવા, વરસાદના વહેણમાં તણાઈ જવાના કારણે પાક સહિત પાલો



પશુચારાનું સંપૂર્ણ ધોવાણ સહિત અન્ય તમામ કૃષિ પાકોને ખર્ચ અને ઉપજ સહિત સરેરાશ દરેક વિઘા દીઠ અંદાજીત ઓછામાં ઓછુ રૂ. ૫૦,૦૦૦ જેટલું ભારે મોટુ નુકસાન વેઠવાનો વારો આવેલ છે. આથી સમગ્ર જિલ્લામાં સત્વરે તાલુકાના દરેક ગામદીઠ પાક નુકસાનીનો સામૂહિક સર્વે કરાવવા, લીલો દુષ્કાળ જાહેર કરાવવા, તમામ કૃષિ ઉપજો ઉપરના તમામ કરવેરા રદ કરવા, નકલી ખાતર-બિયારણ અને દવા ઉપર નિયંત્રણ લાવવા, પાણી પત્રકની સરકારી રાહે કાયમી નોંધણી કરાવવા, નકલી દૂધ ઉત્પાદકો ઉપર સત્વરે તવાઈ લાવવા, સેટેલાઈટથી જમીન માપણીની પ્રથા રદ કરવા અને પશુચારાનું આગોતરુ આયોજન કરવાની માગણી છે. આ તકે તાલુકામાંથી ખેડૂતો-કોંગ્રેસી આગેવાનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# લાઠીના નાના રાજકોટમાં મતદાર યાદી સુધારણા અંતર્ગત બેઠક યોજાઈ

અમરેલી,તા.૦૬

રાજયમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે ત્યારે લાઠી તાલુકા ભાજપ પ્રમુખ પરેશ કનાળા દ્વારા નાના રાજકોટ ગામે મતદાર યાદી સુધારણા અભિયાન અંતર્ગત બીએલઓ અને બીએલઓ-૨ તેમજ બુથ પ્રમુખ સાથે બેઠક યોજવામાં આવી



હતી અને આ અભિયાનને સફળ બનાવવા માટે માહિતગાર કરવામાં આવ્યા હતા.










# ખાંભાના પશુ દવાખાનામાં રાત્રિ દરમિયાન મદિરાપાન થતું હોવાની ફરિયાદ

અમરેલી,તા.૦૬

ખાંભામાં આવેલ પશુ દવાખાનામાં રાત્રિના સમયે અસામાજિક તત્વો દ્વારા દારૂની રેલમછેલ કરવામાં આવતી હોવાથી પશુ ડોક્ટર સહિત કર્મચારીઓ ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. આ બાબતે પશુ ડોક્ટર દ્વારા પોલીસમાં રજૂઆત પણ કરવામાં આવી છે. ખાંભામાં આવેલા પશુ દવાખાનામાં કર્મચારીઓનો સમય પૂર્ણ થઈ ગયા બાદ આ દવાખાનું દારૂડિયાઓ માટે રેઢું પડ બની ગયું હોય તેવું લાગી રહ્યું છે. રાત્રિના સમયે પશુ દવાખાનામાં દારૂડીયાઓ પગપેસારો કરી દારૂ પીતા હોવાની ફરિયાદ ઊઠવા પામી છે.

આ અંગે પશુ ડોક્ટરે ખાંભા પોલીસને લેખિતમાં ફરિયાદ કરી છે કે રાત્રિના સમયે અસામાજિક તત્વો મદિરાપાન કરી દેશી દારૂની કોથળીઓ દવાખાનાના પટાંગણમાં ફેકી ગંદકી કરી રહ્યા છે. દારૂડિયાઓને જાણે પોલીસનો કઈ જ ડર ન હોય તેમ નાસ્તાની મિજબાની ફરી રહ્યા છે. આમ રાત્રિના સમયે પશુ દવાખાનામાં પોલીસ પેટ્રોલિંગ કરે અને દારૂડિયાઓ સામે કડક કાર્યવાહી કરે તેવી માંગ કરવામાં આવી છે.

**પશુ ચિકિત્સકે અસામાજિક તત્વો સામે કાર્યવાહી કરવા પોલીસને રજૂઆત કરી**

# સાવરકુંડલાના જાબાળ ગામે ખેડૂતે મગફળી પલળી જતા પાથરા સળગાવ્યા

**સરકાર સુધી ખેડૂતોની મુશ્કેલી પહોંચાડવાનો પ્રયાસ**

સાવરકુંડલા,તા.૦૬

સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોના તૈયાર પાકને વ્યાપક નુકસાન થયું છે. અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના જાબાળ ગામના ખેડૂત મુકેશભાઈએ ભારે રોષ વ્યક્ત કર્યો છે. તેમની ૭ વીઘા જમીનમાં તૈયાર મગફળીનો પાક વરસાદથી સંપૂર્ણ પલળી જતાં, તેમણે સરકાર સુધી વિરોધ પહોંચાડવા મગફળીના પાથરા સળગાવી દીધા હતા. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જે ખેડૂતોની વેદના દર્શાવે છે. હજી સુધી સહાય પેકેજ જાહેર ન થતાં ખેડૂતોમાં આક્રોશ છે. ખેડૂતો તાત્કાલિક યોગ્ય વળતર મળે તેવી માંગ કરી રહ્યા છે, જેથી નુકસાનગ્રસ્ત ખેડૂતોને રાહત મળી શકે.


તસવીર : સૌરભ દોશી

# જિલ્લામાં 'Special Intensive Revision-૨૦૨૬' હેઠળ સઘન Enumeration કાર્યક્રમ શરૂ

**મતદાર રજિસ્ટ્રેશન સંબંધિત કોઈ-પણ માહિતી, માર્ગદર્શન માટે ૧૯૫૦ હેલ્પલાઈન પર સંપર્ક કરી શકાશે**

અમરેલી, તા.૦૬

ભારતના ચૂંટણીપંચના આદેશ અનુસાર, અમરેલી જિલ્લામાં ૫ વિધાનસભા વિસ્તાર માટે "Special Intensive Revision-૨૦૨૬" કાર્યક્રમની શરૂઆત કરી દેવામાં આવી છે. ૧,૩૭૧ મતદાન મથકોએ ૪ નવેમ્બરથી ૪ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી "હાઉસ ટુ હાઉસ" મુલાકાતની પ્રક્રિયા શરૂ કરી છે, જેમાં ૧૨,૭૧,૩૭૫ મતદારોને Enumeration Form આપવાનું છે. મતદારોને કોઈ દસ્તાવેજ જરૂર નથી, અને તેઓ [https://voters.eci.gov.in](https://voters.eci.gov.in) ૨ પોતાનું નામ ચકાસી શકે છે. મતદાર રજિસ્ટ્રેશન માટે ૧૯૫૦ હેલ્પલાઈન અથવા બી.એલ.ઓ. સાથે સંપર્ક કરી શકે છે.

# ધારી તાલુકા ભાજપ દ્વારા મતદાર સુધારણા કામગીરી અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ધારી,તા.૦૬

ધારી તાલુકા ભાજપ દ્વારા લોહાણા મહાજન વાડી ખાતે મતદાર સુધારણા કામગીરી અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય જે.વી. કાકડીયા સહિત પક્ષના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો મુખ્ય હેતુ મતદારોમાં ગેરસમજ દૂર કરવા માટે સચોટ માહિતી આપવાનો હતો, જે હિરેનભાઈ હીરપરા દ્વારા માાહિતી આપવામાં આવી હતી. જવાબદાર આગેવાનોએ કોઈપણ રાજકીય ટિપ્પણી વિના માત્ર મતદાર સુધારણાની જાણકારી આપી હતી.



**હિરેનભાઈ હીરપરા દ્વારા સચોટ માહિતી આપવામાં આવી**

# જિલ્લામાં ૪૨ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૬

અમરેલી જિલ્લામાં પ્રોહિબીશનની પ્રવૃત્તિ કરતા ઈસમો સામે પોલીસ કડક કામગીરી કરી રહી છે. જેમાં ૪૨ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જેમાં કેટલીક મહિલાઓ પણ સામેલ હતી.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

લાભુબેન નાનજીભાઈ વાઢેર (ઉ.વ.૮૫)નું તા.૦૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે કનુભાઈ વાઢેર, કિશોરભાઈ વાઢેર, રાજુભાઈ વાઢેર, ભરતભાઈ વાઢેરના માતા થાય છે. સદગતનું બેસણું તા.૦૭ના રોજ ૪થી ૬ કલાકે "માતૃ છાયા" દેવળા ગેટ પોલીસ ચોકી પાછળ બટુક હનુમાનની પાછળ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

હેતલબેન શૈલેશકુમાર બાવળિયા (ઉ.વ.૩૬)નું તા.૦૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ભુપતભાઈ ગેડીયાની દીકરી થાય છે. સદગતનું બેસણું તા.૦૭ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે અમારા નિવાસસ્થાન માધવાણીની વાડી શાળા નં.૭ની સામે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

બચુભાઈ હીરજીભાઈ આણદાણી (ઉ.વ.૧૦૧)નું તા.૦૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ઇન્દુભાઈ આણદાણી, ધીરુભાઈ આણદાણી, શિવભાઈ આણદાણીના પિતાશ્રી થાય છે. સદગતનું બેસણું તા.૦૭ના રોજ ૪ થી ૬ કલાકે રામજી મંદિર પાછળ કાનાણી નગર રઘુવંશી પરા સાવરકુંડલા ખાતે રાખેલ છે.

# રાજુલાના મોવડીયા દાદા મંદિર ખાતે મોકડ્રીલ યોજાઈ

**બોટ પલટવાની ઘટનામાં સંયુક્ત ઓપરેશન દ્વારા દર્શનાર્થીઓનું સલામત રેસ્ક્યુ**

અમરેલી, તા.૦૬

રાજુલા તાલુકાના મોવડીયા દાદા મંદિર ખાતે રાહત-બચાવની જીવંત મોકડ્રીલ યોજવામાં આવી હતી, જેનો મુખ્ય ઉદ્દેશ પૂરકાલીન પરિસ્થિતિમાં અગત્યની કામગીરી માટેની તૈયારીનો અભ્યાસ કરવાનો હતો. ભારત સરકારના નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA)ના માર્ગદર્શન હેઠળ, આ ડ્રીલના ભાગરૂપે અમરેલી જિલ્લામાં સંયુક્ત ઓપરેશન યોજાયું હતું. જિલ્લા વહીવટી તંત્ર અને NDRFની ટીમના સંકલનમાં, પ્રાંત અધિકારી ડો. મહુલ બરાસરા અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ડી.પી. ઓ.ના માર્ગદર્શન હેઠળ આ પ્રવૃત્તિનો સફળ અમલ થયો. આ સમગ્ર પ્રવૃત્તિમાં ૦૬ થી ૦૭ દર્શનાર્થીઓએ બોટમાં સવાર થઈને મોવડીયા દાદા મંદિર પાસેથી માર્ગપ્રશસ્તિ કરતા, અચાનક બોટ પલટાઈ ગઈ અને તેમાંથી કેટલાક લોકો પાણીમાં ડૂબી ગયા હતા. આ ઘટનાની જાણ થતા, જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ દ્વારા તરત જ NDRF અને ફાયર વિભાગની મદદથી તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું, જેમાં બધા જ પ્રાધિકારીઓના સંકલનથી દર્શનાર્થીઓને સલામત રીતે બચાવવામાં આવ્યા. આ કાર્ય દ્વારા પુરપરિસ્થિતિમાં રાહત-બચાવ કાર્યની ઝડપ અને કાર્યક્ષમતા સાથે તેમની તૈયારીની સાચી દિશા દર્શાવાઈ. મોકડ્રીલને કારણે, રાજુલા અને જાફરાબાદ તાલુકાના નિચાણવાળા વિસ્તારમાં પૂરની સ્થિતિમાં રાહત કાર્ય માટે વધુ પ્રસ્તુત અને ગતિશીલ તૈયારી મેળવી છે. આજની ઘટનામાં પોલીસ, ફાયર વિભાગ, NDRF, આરોગ્ય વિભાગ, પિજીએમસી, અને હોમગાર્ડ્ઝ યુનિટ સહિતના વિભાગો દ્વારા પૂર્ણ સંકલન અને કાર્યક્ષમતાનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.




દિપાવલી - નૂતન વર્ષ પર્વના સર્વોને અભિનંદન...



BLUE BUDDHA
END OF SEASON SALE
BUY 1@30% OFF
BUY 3@40% OFF
BUY 4@50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ: અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો



ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?



આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


## :: જાહેર નોટીસ ::

આથી લાગતા-વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે જમીનના માલીક હર્ષદભાઈ રવજીભાઈ વિરમગામ તથા વિગેરેની કબજા ભોગવટાની માલીકીની અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના મતીરાળા ગામે આવેલ જુની શરતની ખેતીની જમીન જેના રે.સ.નં.૩૮૦ પૈકી ૨, જેના કુલ હે.આરે. ૧-૯૫-૨૬ ચો. મી. વાળી જમીન પુરેપુરી અથવા તે પૈકીના હિસ્સાનુ વેચાણથી આપવાનુ નકકી કરેલ હોય અને આ બાબતનો લાઠી સબરજીસ્ટ્રાર કચેરીમાં અમો ખરીદનારની તરફેણનો વેચાણ દસ્તાવેજ ટુંક સમયમાં નોંધાવવાનો હોય તથા જમીનનો કબજો લેવાનો હોય તેથી આ જાહેર નોટીસથી જાહેર કરીએ કરીએ છીએ કે જમીનના માલીકે સદરહુ જમીન ચોખ્ખા ટાઈટલ હોવાનુ જણાવી ઉપરોકત જમીન અને તેની સાથે જોડાયેલા સુખાધિકારના હકકો, પરત્વે કોઈ વ્યકતી, શખ્સ, સંસ્થા, પેઢી કંપની, એસોસીએશન, બેન્ક, નાણાકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગભાગ, બાનાખત, સાટાખત, મોબદલાના કરાર, અને અન્ય કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ મિલ્કત પરત્વેના ભરણ, પોષણનો હકક હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ૦૭(સાત) માં દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નીચે જણાવ્યા મુજબના સરનામે જાણ કરવી આ સમય દરમ્યાન આ જમીનના વેચાણ સામે વાંધાઓ નહી આવે તો ઉપરોકત સર્વે નંબર વાળી જમીનના ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે, તેમ માની અગર તો કોઈના હકક, હિસ્સા, હિત અધિકારો લાગભાગ આવેલા હોય તો તેઓએ જતા(વેવ) કરેલા છે, અથવા સદરહુ વેચાણ બાબતે તેમની સંપૂર્ણ સહમતી છે તેવુ માનીને વેચાણ વ્યવહારની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ ભવિષ્યે આ બાબતે કોઈ પોતાના વાંધાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંધા તકરાર અમો ખરીદનારાઓને લાગુ પડશે નહી. જે બાબતની આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ.

પત્ર વ્યવહારનું સરનામુ :-
સોહીલ મહેબુબભાઈ ખોખર (એડવોકેટ)
શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.
મુ.લાઠી, ઠે.મામલતદાર ઓફીસ સામે,
તા.લાઠી, જી.અમરેલી.
મો.નં.૭૬૯૮૧ ૯૨૧૯૧.

**નોટીસ પ્રસિધ્ધ કરનાર**
**સહી**
**(દિયાબેન ચુનીભાઈ ગોજારીયા તે વિપુલભાઈ એવીયાના પત્નિ)**

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૮૫/૨૦૨૫ | તા.૦૪/૧૧/૨૦૨૫

શ્રી લીલાવંતી ઉર્ફે નીલાબેન રાજાભાઈ મોવલીયા વા.ઓ. રાજેશભાઈ વી. ડોબરીયા
રહે. પ્લોટ નં.૨૮૪, ફ્લેટ નં. ૩૦૭, ફ્લોર-૩, બિલ્ડીંગ નં. ૫/બી,
જૈન મંદિર પાસે, રાની સતી માર્ગ, મલાડ, મુંબઈ ........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, નાની મોણપરી, તા.વિસાવદર જી.જુનાગઢ ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી લીલાવંતી ઉર્ફે નીલાબેન રાજાભાઈ મોવલીયા વા.ઓ. રાજેશભાઈ વી. ડોબરીયા રહે. મલાડ, મુંબઈ એ તેમનો જન્મ તા.૧૪/૦૯/૧૯૭૨ ના રોજ વિસાવદર તાલુકાના નાની મોણપરી ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, નાની મોણપરી, તા. વિસાવદર, જી.જુનાગઢ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, નાની મોણપરી, તા.વિસાવદર, જી.જુનાગઢ ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૪ મી નવેમ્બર ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

**તૈયાર કરનાર** સહી. (પી.વી. શિંગડીયા) નાયબ મામલતદાર વિસાવદર

**હુકમથી** સહી. (આર.એન.ખોડભાયા) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વિસાવદર

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં.૮૪/૨૦૨૫ | તા.૦૪/૧૧/૨૦૨૫

શ્રી વૈશાલીબેન બાઘાભાઈ સોરઠીયા
રહે. ભુતડી, તા. વિસાવદર, જી. જુનાગઢ ........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, ભુતડી, તા.વિસાવદર જી.જુનાગઢ ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી વૈશાલીબેન બાઘાભાઈ સોરઠીયા રહે. ભુતડી તા. વિસાવદર, જી. જુનાગઢ એ તેમનો જન્મ તા.૦૧/૦૧/૧૯૯૭ ના રોજ વિસાવદર તાલુકાના ભુતડી ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ભુતડી, તા. વિસાવદર, જી.જુનાગઢ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ભુતડી, તા.વિસાવદર, જી.જુનાગઢ ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૪ મી નવેમ્બર ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

**તૈયાર કરનાર** સહી. (પી.વી. શિંગડીયા) નાયબ મામલતદાર વિસાવદર

**હુકમથી** સહી. (આર.એન.ખોડભાયા) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વિસાવદર

## -:: જાહેર નોટીસ ::-
## મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું. લાઠી

ફો.પ.અ.નં. ૧૩૪/૨૦૨૫

અરજદાર તર્ફે વિ.વ. શ્રી જી.સી. કોટડીયા રહે. લાઠી

અરજદાર :- પરમાર રેવાભાઈ કરશનભાઈ ઉ.વ.૪૬ પુખ્ત ધંધો મજુરી ધર્મે હિન્દુ/ભરવાડ. રહે.ચાવંડ, તા.લાઠી, જી. અમરેલી

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી ત.ક.મ. અધિકારી ચાવંડ ગ્રામ પંચાયત

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર પોતે ચાવંડ ગામના રહેવાસી છે. અરજદાર પોત પરમાર રેવાભાઈ કરશનભાઈ ની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદાર પોતે પરમાર રેવાભાઈ કરશનભાઈ નો જન્મ જે તે સમયે ચાવંડ મુકામે જન્મ તારીખ-૧/૦૬/૧૯૭૯ના રોજ થયેલ છે જે અંગેની જન્મનોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ ૨૦/૧૧/૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિત રહેવું તેમા કરવામા કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

મુ :- લાઠી
તારીખ :- ૧૩/૧૦/૨૦૨૫

**સહી**
**શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી**

## ધારીના મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટમાં

જ.મ. અપીલ રજી નં. ૪૦૦/૨૦૨૪-૨૫ | તા.૩૦/૧૦/૨૦૨૫

અરજદાર :- શ્રી સુખડીયા વિનુભાઈ ગોવિંદભાઈ
રહે.નાના સમઢિયાળા તા.ધારી, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ -મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત નાના સમઢિયાળા
મુ.નાના સમઢિયાળા, તા.ધારી, જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ધારી તાલુકાના નાના સમઢિયાળા ગામમાં અરજદારશ્રી સુખડીયા વિનુભાઈ ગોવિંદભાઈ એ તેઓના પોતાનો જન્મ તા.૦૨/૦૬/૧૯૫૮નાં રોજ નાના સમઢિયાળા ગામે થયેલ હોવાની નોંધ દાખલ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામનાં સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમનાં મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ ફરમાવવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૩૦/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, ધારી**

# સા.કુંડલાના આંબરડી ગામે ખેડૂતે ખેતીપાકમાં પશુઓને ચરવા મુક્યા

**પાક નિષ્ફળ જતા ખેડૂતનું પગલું**



સાવરકુંડલા,તા.૦૬

સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે ખેડૂત ખાતેદાર ભગવાનભાઈ કરશનભાઈ માલાણીને મગફળીનો પાક તૈયાર હતો પરંતુ પાક સંપૂર્ણ ઉગી જતા અને બગડી જતા બકરીઓ, ભેંસો અને ગાયોને ચરાવી દીધો હતો. સતત આઠ દિવસથી કમોસમી વરસાદ પડ્યા બાદ છેલ્લા બે ત્રણ દિવસથી વરાપ જોવા મળી રહી છે ત્યારે ખેડૂતોએ પોતાનો આ સમગ્ર પાક પશુઓને ચરાવી દીધો હતો અને નવી આશા સાથે ખેડૂતોએ ફરીથી ખેતીકામ શરૂ કર્યું હતું.

**માવઠાના નુકસાન સામે વળતર નહીં, દેવા માફીની માંગ**

# અમરેલી જિલ્લા કોંગ્રેસ દ્વારા ખેડૂતો અને માછીમારોના 'દેવા માફ' માટે ધરણાં

અમરેલી, તા.૬

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિએ ખેડૂતો અને માછીમારોને થયેલા વ્યાપક નુકસાન સામે દેવા માફીની માંગ સાથે "ખેડૂતો તથા માછીમારોના દેવા માફ" માટે ધરણાનો પ્રારંભ કર્યો છે. અમરેલી જિલ્લા કોંગ્રેસ દ્વારા આ લડત ૫ નવેમ્બર, ૨૦૨૫થી શરૂ કરવામાં આવી છે. આ અભિયાનના ભાગરૂપે રાજુલા અને જાફરાબાદ




તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ખેડૂતોની લાગણી મુજબ 'ખેડૂતોના દેવા માફ' માટે પ્રતીક ધરણાં યોજવામાં આવ્યા હતા. કોંગ્રેસની મુખ્ય માંગ છે કે કમોસમી વરસાદ (માવઠા)થી અસરગ્રસ્ત ખેડૂતોને માત્ર સહાય નહીં, પરંતુ તેમના દેવા માફ કરવામાં આવે. ધરણાં કાર્યક્રમમાં પૂર્વ વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણી, અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત સહિત વલકુભાઈ જીંજવાડિયા, અશોકભાઈ ચાવડા, સંદીપભાઈ ધાનાણી, ટીકુભાઈ વરુ, ડાંગાભાઈ હડીયા અને અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા. નેતાઓએ તેમના પ્રવચનોમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ હંમેશા ખેડૂતો સહિત દરેક વર્ગની સાથે ઊભી છે અને તેમને ન્યાય અપાવવામાં ક્યારેય પીછેહઠ નહીં કરે. રાજુલા અને જાફરાબાદ તાલુકાના અસરગ્રસ્ત ખેડૂતો અને ખેડૂત આગેવાનો મોટી સંખ્યામાં સ્વયંભૂ આ ધરણામાં જોડાયા હતા. આ લડાઈ દ્વારા ભાજપ સરકારને જગાડવાનું અને અન્નદાતાને તેમનો હક્ક અપાવવાનું કામ કોંગ્રેસ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

# સ્વામિનારાયણ ગુરુકુળ-સા.કુંડલાનો વિદ્યાર્થી ચેસ સ્પર્ધામાં બીજા ક્રમે

અમરેલી,તા.૦૬



સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત ખેલ મહાકુંભનો તાલુકા કક્ષાનો તા.૦૬ના રોજ સાવરકુંડલા ખાતે શુભારંભ થયો. વિવિધ કેટેગરીની ચેસ અને યોગાસન સ્પર્ધાઓ યોજાઈ હતી. શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલાના ધોરણ-૬ના વિદ્યાર્થી જોષી મિહિરે અંડર-૧૧ ચેસ સ્પર્ધામાં સમગ્ર તાલુકામાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. જોષી મિહિર હવે આગામી સમયમાં યોજાનારી જિલ્લા કક્ષાની ચેસ સ્પર્ધામાં સાવરકુંડલા તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે.

# લાઠીના મુળીયાપાટ ગામે મહિલાને વાતચીત તથા સંબંધનો વ્યવહાર રાખવા ધમકી આપી

**પતિને જાનથી મારવાની ધમકી આપવામાં આવી**

લાઠી, તા.૬

લાઠીના મુળીયાપાટ ગામે એક મહિલાને વાતચીત તથા સંબંધનો વ્યવહાર રાખવા ધમકી આપવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. આ અંગે રંજનબેન ઉર્ફે રીનાબેન કમલેશભાઈ મારૂ (ઉ.વ.૩૨) એ સુમીતભાઈ કાંતીભાઈ બારૈયા (રહે.દામનગર) તથા રવિભાઈ બાવાજી ગૌસ્વામી (રહે.ધામેલ) સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ તથા બન્ને આરોપીઓ આજથી આશરે ચારેક વર્ષ પહેલા દામનગર મુકામે એક જ હિરાના કારખાનામાં હિરા ઘસતા હતા તે દરમ્યાન તેમને સુમીતભાઈ બારૈયાએ હિરા શીખવાડ્યા હતા. જેથી તેને તેમની સાથે ભાઈ બહેનનો સંબંધ હોય અને ત્યારબાદ સુમીતભાઈના મિત્ર રવિભાઈ ગૌસ્વામીને તેમની સાથે પ્રેમ સંબંધ થયો હતો. છેલ્લા એકાદ વર્ષથી તેઓ રવિભાઈ ગૌસ્વામી સાથે વાતચીત કે સંબંધનો વ્યવહાર રાખતા નહોતા. જે વાતનું મનદુઃખ રાખી બન્ને આરોપીઓ તેમના ઘરે આવ્યા હતા. તેમજ તેમને વાતચીત તથા સંબંધનો વ્યવહાર રાખવા દબાણ કરી ખરાબ ગાળો આપી હતી. ઉપરાંત તેમનો હાથ પકડી ઝપાઝપી કરી હતી અને તેના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક એન. બી. ગોરડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલા તાલુકા કક્ષાના મહાકુંભમાં વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ટ દેખાવ

અમરેલી,તા.૦૬



સાવરકુંડલા ખાતે તાલુકા કક્ષાના ખેલ મહાકુંભનો શુભારંભ થયો છે, જેમાં આજે ચેસ અને યોગાસનની સ્પર્ધાઓ યોજાઈ હતી. તાલુકા શાળા, સાવરકુંડલાના ધોરણ ૭ના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. બોસમીયા જીત યોગાસનની સ્પર્ધામાં સમગ્ર તાલુકામાં પ્રથમ ક્રમે આવ્યો હતો, જ્યારે પરમાર રુદ્ર અંડર-૧૪ ચેસ સ્પર્ધામાં દ્વિતીય ક્રમે આવ્યો હતો. આ બંને વિદ્યાર્થીઓ હવે આગામી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં સાવરકુંડલા તાલુકાનું ગૌરવવંતુ પ્રતિનિધિત્વ કરશે.

**નગરપાલિકા ખાડા બૂરવામાં ઉણી ઉતરતા સામાજિક સંસ્થા મેદાને પડી, ચેમ્બરની કામગીરીને લોકોએ વખાણી**

# બગસરા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ખાડા બુરવાનું કામ શરૂ

બગસરા તા.૬

બગસરા શહેરમાં અનેક સ્થળોએ કોઈને કોઈ કારણસર સીસી રોડમાં ખાડાઓ પડી ગયા છે જેને કારણે શહેરીજનો ખૂબ જ મુશ્કેલી અનુભવી રહ્યા છે. તંત્ર દ્વારા આ ખાડાઓ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા સામાજિક સંસ્થાએ આજે પોતાના સ્વખર્ચે એક ખાડાને પ્રતિકાત્મક રીપેર કરી તંત્રને જગાડવાનો પ્રયત્ન કર્યો હતો. બગસરા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા શ્રીફળ વધેરી પ્રમુખ તેમજ ચેમ્બરના કારોબારી સભ્યોએ હાજર રહી આજરોજ બગસરા મામલતદાર ઓફિસ પાસે પડેલ મસમોટા ખાડા બુરી ખાડા બુરવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ તકે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખને પૂછવામાં આવેલ કે નગરપાલિકાની ચૂંટણીલક્ષી આ કામગીરી કરવામાં આવી રહી છે? ત્યારે તેમણે જણાવ્યું હતું કે ચેમ્બર દ્વારા આ પ્રજાલક્ષી કામગીરી છે અને જો કોઈ ચેમ્બરના નામે મત માંગવા આવે તો મત આપવા નહીં અને પ્રમુખે પોતે એ જાહેરાત કરી છે કે તે પોતે પણ ચૂંટણી લડવા નથી માંગતા આ ફક્ત પ્રજાલક્ષી કામગીરી કરવામાં આવી છે. પાલિકા રોડ બનાવી બેફામ ભ્રષ્ટાચાર આચરી રહી છે ત્યારે શહેરમાં પડેલા મસમોટા ખાડાથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા તેવાં ખાડા બુરી લોકોને સવલત પુરી પાડવા સામાજિક સંસ્થા મેદાનમાં ઉતરી છે.


તસવીર : હાર્દિક બામટા

# લીલીયાના દાડમા (પુતળીયા) ગામની પરિણીતા પર સાસરિયાએ સિતમ ગુજાર્યો

લીલીયા, તા.૬

અમરેલી જિલ્લાની પરિણીતાઓ પર સાસરિયાના સિતમની ઘટનાઓ દિન પ્રતિદિન વધી રહી છે. લીલીયાના દાડમા (પુતળીયા) ગામની યુવતીના લગ્ન ભાવનગરના યુવક સાથે થયા હતા. લગ્ન બાદ સાસરિયાએ સિતમ ગુજારતા પિયર પરત ફરીને ફરિયાદ નોંધાવી હતી. મોનીકાબેન હાર્દિકભાઈ ચુડાસમા (ઉ.વ.૩૦)એ હાર્દિકભાઈ કિશોરભાઈ ચુડાસમા, નેહલબેન અશ્વિનભાઈ પરમાર તથા અશ્વિનભાઈ દાસભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીઓએ તેમને નાની નાની વાતોમાં મેણાટોણા બોલી, ગાળો આપી હતી તેમજ શરીરે ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. ઉપરાંત તમામ આરોપીઓએ શારીરિક તેમજ માનસિક દુઃખ ત્રાસ આપ્યો હતો. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

**ભાવનગરમાં રહેતા પતિ સહિત ત્રણ સામે ફરિયાદ**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: બીજ
તા.૦૭-૧૧-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૩૭,
સૂર્યાસ્ત-૦૫:૩૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રોહિણી

## દૈનિક રાશિફળ

તા.૦૭-૧૧-૨૦૨૫ શુક્રવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સારા પરિણામનો છે. તમે પૈસા કમાવાની ઘણી રીતો જોશો. કોઈપણ સ્પર્ધામાં વિજય મળશે.

વૃષભ: આજનો દિવસ તમને ઉર્જા આપશે અને તમારામાં ઘણી શક્તિ અને ઉત્સાહ રહેશે. આજે ઘણું કામ સંભાળવાની તૈયારી છે.

મિથુન: આજે તમારા માટે ઉતાર-ચઢાવનો દિવસ રહેશે અને તમારે મહેનતથી કામ કરવાની જરૂર છે.

કર્ક: આજનો દિવસ તમારા માટે થોડો નિરાશાજનક બની શકે છે. તમે ઇચ્છતા ના હોવ ત્યારે પણ ઘણીવાર તમે તે તબક્કામાં ફસાઈ જાવ છો જ્યાં ખૂબ લડવું પડે છે.

સિંહ: આજનો દિવસ તમારા માટે સારો છે. અચાનક કેટલાંક જટિલ કાર્ય પૂરા થશે.

કન્યા: આજનો દિવસ અન્ય દિવસો કરતા થોડો સખત રહેશે અને આજે સવારથી જ કંઇક વિચિત્ર વાતાવરણ તમારી આસપાસ રહેશે.

તુલા: આજનો દિવસ તમારા ધંધા માટે હળવાશનો રહેશે. આજે શેરબજાર અથવા સટ્ટામાં રોકાણ કરશો નહીં.

વૃશ્ચિક: તમારા માટે આજનો દિવસ ખાસ છે. તમારી કાર્ય કરવાની રીત કંઈક નવી છે અને તમને આ રીતે લાભ મળી શકે છે.

ધન: આજનો દિવસ તમારા માટે વ્યસ્ત રહેશે અને તમને કોઈ મહત્વના કામ પણ સોંપવામાં આવી શકે છે.

મકર: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેશે અને કોઈ ભારે કામ સંબંધિત પોતાના કામમાંથી વિરામ લેવો પડી શકે છે.

કુંભ: આ દિવસે તમે ખૂબ કંટાળો અનુભવશો અને લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા બાદ હવે તમને લાગશે કે તમારે ક્યાંક બેસીને એકાંતમાં થોડો સમય પસાર કરવો જોઈએ.

મીન: આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે દરેક ક્ષેત્રમાં પ્રભુત્વ મેળવશો અને લોકો તમારી પ્રશંસા કરશે.

# સાવરકુંડલાના મેરીયાણા ગામે પિતાએ દીકરીના લગ્નની યાદમાં સ્મશાનભૂમિમાં વૃક્ષારોપણ કર્યું

સાવરકુંડલા, તા.૬

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મેરીયાણા ગામના અશોકભાઈ વિરજીભાઈ ખાત્રાણીએ એક અનોખું અને પ્રેરણાદાયી પગલું ભર્યું છે. તેમણે પોતાની વહાલસોયી દીકરી નિધિબેનના લગ્ન પ્રસંગની યાદગીરી તરીકે ગામની સ્મશાનભૂમિમાં લગભગ ૫૦ વૃક્ષોનું રોપણ કર્યું હતું. આ કાર્ય


તસવીર : સૌરભ દોશી

ન માત્ર પર્યાવરણ સંરક્ષણનું ઉત્તમ ઉદાહરણ છે, પરંતુ ભવિષ્યની પેઢીઓ માટે એક અમર સ્મૃતિ પણ બની રહેશે. અશોકભાઈ, જેઓ ગામના જાણીતા અને સમાજસેવી વ્યક્તિ તરીકે ઓળખાય છે, તેમણે લગ્નના આનંદમય વાતાવરણમાં પર્યાવરણ પ્રત્યેની તેમની સંવેદનશીલતા વ્યક્ત કરી છે. "લગ્ન જેવા શુભ પ્રસંગમાં આનંદના સાથી તરીકે વૃક્ષોનું રોપણ કરવું એ મારી દીકરીના જીવનની નવી શરૂઆત જેવું છે. આ વૃક્ષો ગામના લોકોને છાંયો, તાજી હવા અને પ્રકૃતિના આશીર્વાદ આપશે," તેમ અશોકભાઈએ અંતમાં કહ્યું હતું.

# યુવા મહોત્સવમાં મ્યુઝીકલ સ્પર્ધામાં અમરેલીના કલાકારો ઝળક્યા

અમરેલી,તા.૦૬

આઈઆઈટીઆઈ, ગુજરાત રાજય, ગાંધીનગરમાં યોજાયેલ સ્પર્ધામાં અમરેલીની કુ.જેનિશા રઘુભાઈ ભટ્ટે ઈન્સ્ટ્રુમેન્ટલ મ્યુઝીકમાં પ્રથમ સ્થાન મેળવેલ છે. આ સ્પર્ધામાં ૫૦ જેટલી વિવિધ યુનિવર્સિટીઓએ ભાગ લીધેલ હતો. ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી, ચાંદખેડા, જિ.-ગાંધીનગર મુકામે યોજાયેલ રાજય કક્ષાના એન્જીનીયરીંગ ડીપ્લોમા- ડિગ્રીનાં યુવા મહોત્સવમાં ૫૯ કોલેજો વચ્ચેની સ્પર્ધામાં અમરેલીના યુવા કલાકાર ઉત્સવ બારૈયા, એડવોકેટ જીતેન્દ્રભાઈ ગોહેલના પૌત્રએ હારમોનિયમ વાદનમાં ત્રીજુ સ્થાન, તેમજ ચરોતર વિદ્યા મંડળ સીવીએમ યુનિવર્સિટીમાં વલ્લભવિદ્યાનગર મુકામે યોજાયેલ ૨૪ કોલેજો વચ્ચેની સ્પર્ધામાં ઉત્સવ બારૈયાએ હારમોનિયમ સોલો વાદનમાં બીજું સ્થાન અને બાંસુરી વાદનમાં પણ સ્થાન મેળવેલ હતું.

# સાવરકુંડલા માર્કેટ યાર્ડમાં મગફળીની ૧૫૦૦૦ મણ જેટલી મબલખ આવક, કપાસની પણ જંગી આવક

સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડ ખેડૂતો અને વેપારીઓની ભારે અવરજવર સાથે આજે ફરી ધમધમી ઉઠ્યું હતું. મુખ્યત્વે મગફળી અને કપાસની પુષ્કળ આવક નોંધાઈ હતી, જે આ વિસ્તારની કૃષિ સમૃદ્ધિ દર્શાવે છે. યાર્ડમાં મગફળીની આશરે ૧૫,૦૦૦ મણ નોંધપાત્ર આવક થઈ હતી. મગફળીનો સૌથી ઊંચો ભાવ પ્રતિ મણે રૂ. ૧,૧૮૦ રહ્યો હતો, જ્યારે નીચામાં ભાવ



રૂ. ૧,૧૦૦ નોંધાયો હતો. મગફળીની સાથે-સાથે કપાસની આવક પણ મોટા પ્રમાણમાં જોવા મળી હતી. કપાસની આવક આશરે ૮,૦૦૦ મણ નોંધાઈ હતી. કપાસનો ઉંચો ભાવ પ્રતિ મણે રૂ. ૧,૫૪૦ સુધી પહોંચ્યો હતો, જ્યારે નીચામાં ભાવ રૂ. ૧,૧૦૦ (અગિયારસો રૂપિયા) રહ્યો હતો. સારા ભાવથી ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

# સીમરણ ગામના પાટીયાથી આગળ ગુરૂપ્રસાદ હોટલ પાસે ટ્રકે કારને ટક્કર મારી

**સાવરકુંડલા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી**

અમરેલી, તા.૬

અમરેલી જિલ્લામાં વાહન અકસ્માતનો સિલસિલો યથાવત રહ્યો હતો. અમરેલીમાં રહેતા મોહિતભાઈ જગદીશભાઈ પરમાર (ઉ.વ.૨૮)એ અજાણ્યા ટ્રક ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અજાણ્યા ટ્રક ચાલકે પોતાના હવાલાવાળો ટ્રક પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી ફરિયાદીની હ્યુન્ડાઈ કંપનીની ગ્રાન્ડ આઈ-૧૦ નીયોસ ગાડી આર.ટી.ઓ રજી. નં. GJ-૧૪-IC-૧૧૩૮ ફોરવ્હીલ ગાડીને ટક્કર મારી હતી. જેમાં તેમને જમણી બાજુની ગરદન પાસે તથા બંને હાથમાં મુંઢ ઈજાઓ થઈ હતી. અકસ્માત બાદ ટ્રક ચાલક ટ્રક લઈને નાસી ગયો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એચ.પી. વેગડા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના ગીગાસણ ગામે પ્રાથમિક શાળામાં રૂ. ૯૭ હજારની ચોરી

ધારી, તા.૦૬

ધારીના ગીગાસણ ગામે પ્રાથમિક શાળામાંથી રૂપિયા ૯૭ હજારની ચોરી થઈ હતી. બનાવ અંગે શીવડ ગામે રહેતા નિલેશભાઈ કેશુભાઈ મકવાણા (ઉ.વ.૩૪)એ ગીગાસણ ગામના મગનભાઈ સાવલિયાના પુત્ર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપી ગીગાસણ ગામની પ્રાથમિક શાળામાં આચાર્યની ઓફિસના તાળા તોડી ગેરકાયદે પ્રવેશ કરી તિજોરીમાં રાખેલ રોકડ રૂ.૯૭,૦૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

**તંત્રી લેખ**

# દેશભરમાં ૭૨,૩૦૦ ચાર્જિંગ સ્ટેશન સ્થપાશે

ઇલેક્ટ્રિક વાહનોના ઝડપથી વિસ્તરતા બજારને ટેકો આપવા માટે, ભારત સરકાર દેશભરમાં સુવિધાજનક અને કાર્યક્ષમ ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા પર ભાર આપી રહી છે. આ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું તરીકે કેન્દ્ર સરકારે ૭૨,૩૦૦ ઈવી ચાર્જિંગ સ્ટેશન્સ સ્થાપવા માટેની માર્ગદર્શિકા તૈયાર કરી છે. આ યોજના રાજ્ય સરકારોને મુખ્ય ભૂમિકામાં રાખીને, ચાર્જિંગ સ્ટેશન્સ માટે જમીનની પસંદગી અને સંપાદન સંભાળવાની જવાબદારી તેમને સોંપે છે. આ વ્યાપક પગલાથી નાગરિકો માટે ઈવી વાહન અપનાવવાની પ્રક્રિયા સરળ થવાની અપેક્ષા છે, જે ઈંધણ ખર્ચ ઘટાડવા અને પર્યાવરણને સ્વચ્છ રાખવામાં મદદરૂપ થશે. ભારત સરકારે દેશભરમાં ૭૨,૩૦૦ ઈલેક્ટ્રિક વાહન માટે ચાર્જિંગ સ્ટેશન સ્થાપવા માટેની માર્ગદર્શિકાની રૂપરેખા તૈયાર કરી લીધી છે. આ મુસદ્દા અનુસાર, ચાર્જિંગ સ્ટેશન માટે યોગ્ય જમીન પસંદ કરવા અને ઉદ્યોગ સાહસિકોને આમંત્રિત કરવાની જવાબદારી રાજ્ય સરકારોને 'ડિમાન્ડ એગ્રિગેટર' તરીકે સોંપવાનો પ્રસ્તાવ છે. ઈલેક્ટ્રિક વાહન, જેને ટૂંકમાં ઈવી (EV) કહેવાય છે, તે પેટ્રોલ અથવા ડીઝલને બદલે વીજળીથી ચાલે છે. તેમાં એક મોટી બેટરી હોય છે જે મોટરને શક્તિ આપે છે, અને તે મોટર વાહનના ચક્રો ફેરવે છે. જ્યારે બેટરીનો ચાર્જ ખતમ થાય છે, ત્યારે તેને ઈવી ચાર્જિંગ સ્ટેશન પર પ્લગ લગાડીને ફરીથી ચાર્જ કરવું પડે છે, જેમ કે આપણા મોબાઈલ ફોન ચાર્જ કરીએ છીએ.

ઈવી બાઈક અને ઈવી કાર બંને આ જ સિદ્ધાંતે કામ કરે છે. ઈવી બાઈક હલકી અને ઓછી ઝડપી હોય છે, જે શહેરમાં થોડા અંતર માટે ખૂબ અનુકૂળ છે. ઈવી કાર મોટી અને વધુ શક્તિશાળી હોય છે, જે લાંબી મુસાફરી માટે યોગ્ય છે. બંનેમાંથી કોઈ પણ ધુમાડો કાઢતી નથી, જેથી તે પર્યાવરણ માટે સ્વચ્છ અને ખર્ચા બચતવાળા છે, કારણ કે વીજળીનો ખર્ચ પેટ્રોલ-ડીઝલ કરતા ઓછો થાય છે. ઈવી બાઈકને ચાર્જ કરવા માટે તેની સાથે આવતા સ્ટાન્ડર્ડ ચાર્જરને સામાન્ય ઘરેલું બિજકણ (૧૫ એમ્પીયર સોકેટ) માં લગાડવામાં આવે છે.


આ ચાર્જર બેટરીને સ્લો ચાર્જિંગ કરે છે, જે સામાન્ય રીતે ૪ થી ૬ કલાકનો સમય લે છે અને બેટરીની લાઈફ માટે અનુકૂળ હોય છે. મોટા વાહનો જેમ કે ઈવી કાર અને બસો માટે ખાસ ડિઝાઈન કરવામાં આવેલા ચાર્જિંગ સ્ટેશન્સની જરૂર પડે છે. આ સ્ટેશન તેમની મોટી બેટરી ક્ષમતા અને ઝડપી ચાર્જિંગની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ત્રણ પ્રકારના હોય છે: સ્લો, ફાસ્ટ અને રેપિડ ચાર્જર્સ. રાજ્ય ધોરણે અને રાષ્ટ્રીય ધોરણે શહેરોમાં તથા હાઈવે પર આવા સ્ટેશનની જાળવણી કરવામાં આવી રહી છે, જે થોડા સમયમાં મોટા વાહનોને પૂર્ણ ચાર્જ પૂરો પાડી શકે છે અને લાંબી મુસાફરીને વ્યવહારુ બનાવે છે. દરેક રાજ્યમાં આ કાર્યો સંભાળવા માટે એક નોડલ એજન્સી સ્થાપવાની રહેશે, જે જમીન પસંદગી અને બિડિંગ પ્રક્રિયા સંભાળશે. આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોને કેટલાક પ્રોત્સાહન લાભો પ્રદાન કરશે, જેના આધારે રાજ્ય સરકારો ચાર્જિંગ સ્ટેશન સ્થાપન માટેનો કોન્ટ્રાક્ટ મેળવનાર કંપનીઓને આ લાભો આગળ પહોંચાડશે.

# સાર્ધ શતાબ્દી વર્ષ નિમિત્તે વંદે ભારતમ્‌ના જયઘોષ થકી ગરિમામય ભારત ભૂમિને કોટી કોટી વંદન... : ભૂપેન્દ્રભાઈ પટેલ

આપણે દેશભક્તિના અભૂતપૂર્વ સમયમાં જીવી રહ્યા છીએ. આઝાદી પહેલાં જે દેશભક્તિનો માહોલ હતો એવો દેશભક્તિનો માહોલ આપણા દેશભક્ત વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ દ્વારા શરૂ કરાયેલ 'આત્મનિર્ભર ભારત' અને 'રાષ્ટ્ર પ્રથમ' જેવા નૂતન અભિયાનની પ્રેરણાથી સર્જાઇ રહ્યો છે. આજે વધુ એક દેશભક્તિનું સ્મરણપર્વ ઉજવવાની ઘડી છે. ઈ.સ. ૧૮૭૫માં લખાયેલું આપણું વંદે માતરમ્ ગીત ૧૫૦ વર્ષ પૂરા કરી રહ્યું છે. આ ગીત બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયજી દ્વારા આનંદમઠ નવલકથામાં પહેલીવાર પ્રકાશિત થયું હતું, પણ આ ગીતે દેશની ચેતનાને જગાવી એના આ સુદીર્ઘ ગાયનકાળમાં જાણે કે રાષ્ટ્રભક્તિના પ્રાણવાયુ જેવી ઊર્જા ઉત્પન્ન કરી. આ ગીતમાં રહેલી ઉદાત્ત દેશભક્તિ અને ઊર્જા સમગ્ર સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોમવંતી બની રહી. ઈતિહાસકારોનું માનવું છે કે, સ્વાતંત્ર્ય સંગ્રામ હોય કે સ્વદેશી ચળવળ હોય, કે પછી સત્યાગ્રહની તૈયારીઓ હોય, વંદે માતરમ્ ગવાય એટલે દેશભક્તિનું ઊર્જાવાન વાતાવરણ રચાઈ જતું. આઝાદીની ચળવળ દરમિયાન પણ અનેક નેતાઓ આ ગીતની એક એક પંક્તિને ચરિતાર્થ કરવા માટે પોતાનું જીવન ખપાવી રહ્યા હતા. મહર્ષિ અરવિંદ હોય કે ભગતસિંહ, સૌ દેશભક્તો આ ગીતના ગુંજનમાં પોતાના જીવનની સાર્થકતા જોતા હતા. આ રાષ્ટ્રીય ગીતની મહાનતા એ છે કે, એ આજે પણ એટલું જ પ્રસ્તુત અને તાજગીભર્યું છે. \

આધુનિક યુગના લોકનાયક આપણા આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે કોઈ સભાને સંબોધવાના હોય ત્યારે શરૂઆતમાં વંદે માતરમ્‌નો જયઘોષ કરાવે, ત્યારે જાણે કે સમગ્ર સભામાં દેશભક્તિનું એક મોજું ફરી વળે છે. આ ગીત ભારતીયતાની ભાવનાને રજૂ કરે છે, આ દેશની સુજલામ્ સુફલામ્ ધરતી અને ભારત માતા પ્રત્યેની ભક્તિ દરેક શબ્દમાંથી નીતરે છે.

જ્યારે વંદે માતરમ્ ગીત સાંભળીએ ત્યારે માતૃભક્તિનો અને ભારત માતાની આરાધના કરતા હોઈએ એવો ભાવ ઊભો થાય છે. આ ગીતનાં શૌર્ય અને પરાક્રમથી રોમ રોમ જાગી ઊઠે છે. આપણું સદ્‌નસીબ છે કે દેશનું સુકાન જ્યારથી નરેન્દ્રભાઈ મોદીએ સંભાળ્યું છે, ત્યારથી જાણે કે આ વંદે માતરમ્ ગીતના શબ્દો પુનઃ જાગૃત થઈ ગયા છે. સૌ કોઈને લાગે છે કે આ ગીતમાં રહેલી દેશભક્તિને આદરણીય નરેન્દ્રભાઈએ જાણે મૂર્તિમંત કરી છે, એક ગીતના શબ્દોને રાષ્ટ્રના જીવનમાં કેવી રીતે ઉતારી શકાય એ માટેની પ્રેરણા અને પરિશ્રમ આજે પરિણામો આપી રહ્યા છે. આઝાદીની લડાઈમાં એ વખતે 'આનંદમઠ' નવલકથામાં સંન્યાસીઓના સંઘર્ષની વાત આવતી હતી, આજે નરેન્દ્રભાઈની તપશ્ચર્યા અને ત્યાગ આ ગીતના શબ્દોને જાણે ચરિતાર્થ કરી રહ્યા છે. એ દિવસ યાદ કરો, જ્યારે કાશ્મીરના લાલ ચોકથી નરેન્દ્રભાઈએ 'ત્વં હિ દુર્ગા..'નો ભાવ સમગ્ર દેશમાં જગાવેલો.



મા ભારતીને ખરા હૃદયથી વંદન એટલે 'વંદે માતરમ્'. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયજી દ્વારા રચિત આ ગીત સ્વાતંત્ર્ય સંગ્રામમાં રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્રપ્રેમના ઉદ્‌ઘોષ સમું બન્યું હતું. આ ગીતનો પ્રત્યેક શબ્દ અને પ્રત્યેક શબ્દમાંથી વ્યક્ત થતા પ્રત્યેક તેજબિંદુએ સ્વાતંત્ર્ય સેનાનીઓમાં બ્રિટીશ સામ્રાજ્યને જડમૂળથી ઉખાડી ફેંકવા માટે ઉદ્દીપકનું કાર્ય કર્યું હતું. ઈ.સ. ૧૮૭૫માં લખાયેલા આ ગીતને

**લેખક ગુજરાતના મુખ્યમંત્રી છે**

આ વર્ષે ૧૫૦ વર્ષ પૂરા થઈ રહ્યાં છે, ત્યારે એક વાત ચોક્કસ છે કે, આ માત્ર એક ગીત નથી, માત્ર શબ્દોથી રચિત કોઈ ગાન નથી, પરંતુ 'વંદે માતરમ્' સાચા અર્થમાં ભારત માતાને વંદન છે, નમન છે. વંદે માતરમ્ ગીતની સાર્ધ શતાબ્દી નિમિત્તે ૭ કરોડ ગુજરાતીઓ વતી હું પણ આ ગીતને વંદન કરી મા ભારતી માટેની કૃતજ્ઞતા અને અહોભાવ વ્યક્ત કરું છું. વંદે માતરમ્‌ના ૧૫૦મા વર્ષને એક વિશેષ વર્ષ તરીકે ઉજવવાનું 'વિઝન' આપનાર ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વ્યક્તિત્વમાં આ ગીત અસ્ખલિત રીતે વ્યક્ત થાય છે. મોદીજી દ્વારા આપવામાં આવેલ વંદે માતરમ્ ગીતના ૧૫૦મા વર્ષની ઉજવણીના કાર્યક્રમ થકી મા ભારતીના સંતાનોનું કલ્યાણ થાય, તેઓ ગર્વથી માથું ઊંચું કરી ગૌરવભેર જીવન જીવી શકે તે ભાવના નિહિત છે. આઝાદ ભારતના ઈતિહાસમાં આપણને એવું નેતૃત્વ ભાગ્યે જ જોવા મળશે કે, જેમણે પોતાના પ્રત્યેક કાર્ય અને શ્વાસને રાષ્ટ્ર માટે સમર્પિત કર્યા હોય અને એ કહેતાં મને ગર્વની લાગણી અનુભવાય છે કે, આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમાં પ્રથમ હરોળમાં સ્થાન ધરાવે છે. મોદીજીના દરેક કાર્યમાં 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવના અગ્રીમ રહી છે. મહાન ક્રાંતિવીર 'શ્યામજી કૃષ્ણ વર્મા'ને સાચા અર્થમાં સ્મરણાંજલિ આપવા માટે માંડવી ખાતે ક્રાંતિતીર્થની સ્થાપના હોય કે, પછી બલિદાનના પર્યાય એવા 'ભૂચર મોરી'ના મહત્વને ઉજાગર કરવાનું હોય, સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિવાસીઓના મહાન બલિદાનના ઉદાહરણરૂપ એવા "ભગવાન બિરસા મુંડા"ના મહત્વને દુનિયા સમક્ષ લાવવાની વાત હોય કે, પછી રાષ્ટ્રીય એકતાના પર્યાય એવા સરદાર વલ્લભભાઈ પટેલને 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' અને 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે સ્મરણાંજલિ આપવાની વાત હોય, મોદીજીના દરેક કાર્યમાં આપણને માત્ર એક જ ભાવ અનુભવાય છે અને તે છે 'વંદે માતરમ્' આ વંદે માતરમ્ ગીતનો જાણે કે યથાર્થ મહિમા કરતા હોય એમ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજનીતિને એક નવો વળાંક આપ્યો, વિકાસનો નવો માર્ગ ચીંધ્યો. મોદીજી ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે પંચશક્તિની વાત કરી, જળ વ્યવસ્થાપનની વાત કરી કારણ કે વંદે માતરમ્‌માંથી એમને પ્રેરણા મળી હતી કે આ ધરતી સશ્યશ્યામલા ઉર્વરક ભૂમિ છે. એમણે વડાપ્રધાન બનીને પણ કન્યા કેળવણી અને સમગ્ર શિક્ષાને એક નવી દિશા મળે એ માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડી, કારણ કે મોદી સાહેબ આખી જિંદગી ગાતા રહ્યા, 'વાણી વિદ્યાદાયિની, નમામિ ત્વામ્, અમલામ્ અતુલામ્ આ શબ્દોમાં રહેલી અપાર શક્તિથી કન્યા કેળવણીની શરૂ થયેલી યાત્રા ચંદ્ર ઉપર શિવશક્તિના પોઈન્ટની પ્રસ્તાવના સુધી પ્રસરેલી છે. આપણે જોઈ શકીએ કે, રાત-દિવસ દેશ માટે મહેનત કરતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ આ વંદે માતરમ્‌ના ગીતને જાણે કે જીવી રહ્યા છે, 'ત્વં હિ પ્રાણા શરીરે' એમ એમ કહેતા કહેતા જાણે કે પ્રત્યેક શ્વાસ રાષ્ટ્ર માટે સમર્પિત કરવાની ભાવનાનું એક ઉત્તમ આદર્શ જીવન જીવીને સૌ કોઈ દેશવાસીઓને પ્રેરણા આપી રહ્યા છે. જ્યારે શૌર્ય બતાવવાનું આવ્યું, તો કાયર દુશ્મનોને 'ઑપરેશન સિંદૂર' દ્વારા દર્શાવી દીધું કે, આ રાષ્ટ્ર અમારી માતા છે અને અમે અને વર્ષોથી 'બહુબલધારિણીમ્ રિપુદલવારિણીમ્' એમ કહીને સંબોધી છે. આ દેશભક્તિ એ જ આ ગીતની પ્રાણ શક્તિ છે અને એને આપણને જાણે કે દસે દિશાઓમાંથી ઊર્જા આપી છે..આજે જે માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વ હેઠળ વિકાસની નવી ઊંચાઈઓ પ્રાપ્ત થઈ રહી છે, તેમાં સૌ કોઈને એવી આતુરતા છે, એવી ખેવના છે કે આપણી ભારત માતા સુખદા અને વરદા બને. એટલા માટે ભારતને વિકસિત બનાવવા માટે જાણે કે એક દીર્ઘદૃષ્ટા વડાપ્રધાન આપણને મળ્યા છે. આ ગીતના શબ્દોને વ્યક્ત સ્વરૂપ આપીને તેઓ એક નવા યુગનું સર્જન કરી રહ્યા છે. જગતજનની અને આપણી ભારત માતા આપણને એવી શક્તિ બક્ષે જેનાથી ૨૦૪૭માં જ્યારે ભારતની આઝાદીના ૧૦૦ વર્ષ પૂરા થાય, ત્યારે નરેન્દ્રભાઈ આપણને બોલાવે છે એ જ ખુમારીથી અને ગૌરવથી આપણે વિશ્વ સમક્ષ જય ઘોષ કરી શકીએ, અને ગાઈ શકીએ, 'વંદે માતરમ્.

## માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૫૫૦ |
| ઘઉં લોકવન | ૫૧૭ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૫૨૩ | ૬૨૧ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૯૩૬ |
| જુવાર પીળી | ૩૪૪ | ૪૦૦ |
| બાજરી | ૨૫૦ | ૪૯૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચણા પીળા | ૯૧૧ | ૧૧૧૦ |
| ચણા સફેદ | ૧૧૬૧ | ૧૯૫૨ |
| અડદ | ૧૦૩૦ | ૧૫૫૧ |
| મગ | ૮૫૦ | ૧૭૩૫ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૫૦૦ |
| ચોળી | ૮૯૦ | ૧૨૫૧ |
| મઠ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૯૦૦ | ૧૯૫૦ |
| કળથી | ૬૧૦ | ૭૨૫ |
| રાજમા | ૯૦૦ | ૧૬૪૦ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૨૩૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૬૦ |
| તલી | ૧૮૯૦ | ૨૨૨૫ |
| એરંડા | ૧૨૪૦ | ૧૨૯૦ |
| અજમો | ૧૦૦૦ | ૧૬૯૦ |
| સુવા | ૧૦૦૦ | ૧૨૯૫ |
| સોયાબીન | ૮૦૮ | ૮૬૮ |
| સીંગફાડા | ૯૭૦ | ૧૩૪૫ |
| કાળા તલ | ૩૫૦૦ | ૪૬૮૦ |
| લસણ | ૪૬૫ | ૧૦૧૦ |
| ધાણા | ૧૩૩૦ | ૧૫૬૦ |
| ધાણી | ૧૩૬૦ | ૧૬૨૨ |
| વરીયાળી | ૧૦૭૧ | ૧૩૩૨ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૮૭૦ |
| રાય | ૧૨૪૦ | ૧૭૩૫ |
| મેથી | ૯૬૦ | ૧૨૮૦ |
| ઇસબગુલ | ૧૦૫૦ | ૧૩૯૫ |
| કલોંજી | ૩૯૦૦ | ૪૬૪૦ |
| રાયડો | ૯૦૦ | ૧૨૬૦ |
| રજકાનું બી | ૫૭૦૦ | ૭૮૦૦ |
| ગુવારનું બી | ૮૧૦ | ૮૮૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૧૭ | ૭૪૦ |
| પપૈયા | ૮૨ | ૧૦૬ |
| બટેટા | ૨૫૩ | ૬૨૧ |
| ડુંગળી સુકી | ૫૧ | ૨૫૫ |
| ટમેટા | ૩૧૭ | ૬૨૩ |
| સુરણ | ૮૮૩ | ૯૨૧ |
| કોથમરી | ૮૦૭ | ૧૦૧૪ |
| મુળા | ૨૫૬ | ૪૦૨ |
| રીંગણા | ૬૫૧ | ૧૪૪૮ |
| કોબીજ | ૭૬ | ૧૬૧ |
| ફ્લાવર | ૨૪૮ | ૩૮૨ |
| ભીંડો | ૭૪૨ | ૯૪૫ |
| ગુવાર | ૧૨૦૫ | ૧૭૧૨ |
| ચોળાસીંગ | ૪૪૩ | ૮૧૨ |
| વાલોળ | ૭૯૩ | ૧૧૯૫ |
| ટીંડોરા | ૫૧૭ | ૧૨૧૩ |
| દુધી | ૩૪૦ | ૪૯૬ |
| કારેલા | ૪૮૭ | ૭૦૫ |
| સરગવો | ૬૧૪ | ૧૫૯૦ |

| | | |
|---|---|---|
| તુરીયા | ૭૮૭ | ૧૨૧૭ |
| પરવર | ૬૧૩ | ૭૬૨ |
| કાકડી | ૬૭૬ | ૮૪૨ |
| ગાજર | ૬૨૧ | ૮૩૧ |
| વટાણા | ૨૮૫૭ | ૩૨૧૬ |
| ગલકા | ૪૯૫ | ૬૪૫ |
| બીટ | ૩૧૧ | ૫૨૬ |
| મેથી | ૪૨૬ | ૮૨૯ |
| વાલ | ૮૪૩ | ૧૪૦૭ |
| ડુંગળી લીલી | ૩૧૧ | ૫૧૬ |
| આદુ | ૧૧૯૬ | ૧૩૬૫ |
| ચણા લીલા | ૨૯૧ | ૬૦૭ |
| મરચા લીલા | ૧૧૨ | ૬૪૩ |
| હળદર લીલી | ૫૩૭ | ૭૨૬ |
| લસણ લીલું | ૨૦૨૩ | ૨૪૦૫ |
| મકાઇ લીલી | ૧૯૭ | ૩૧૫ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૫૨૬ | ૫૬૪ |
| ઘઉં ટુકડા | ૫૧૬ | ૬૪૦ |
| સિંગદાણા જાડા | ૧૧૯૧ | ૧૩૪૬ |
| સિંગ ફાડીયા | ૮૪૧ | ૧૨૮૧ |
| એરંડા / એરંડી | ૧૩૦૬ | ૧૩૦૬ |
| જીરૂ | ૨૬૫૧ | ૩૮૯૧ |
| ધાણા | ૮૦૧ | ૧૬૩૧ |
| લસણ સુકું | ૫૦૧ | ૧૦૧૧ |
| ડુંગળી લાલ | ૯૬ | ૩૨૬ |
| અડદ | ૮૦૦ | ૧૨૮૧ |
| મઠ | ૪૦૦ | ૬૧૧ |
| તુવેર | ૯૫૦ | ૧૩૯૧ |
| રાય | ૧૫૫૧ | ૧૫૫૧ |
| મેથી | ૬૫૧ | ૯૭૧ |
| કાંગ | ૨૫૧ | ૫૬૧ |
| સફેદ ચણા | ૧૧૦૧ | ૧૮૮૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૬૫૧ |
| બાજરો | ૩૦૧ | ૪૨૧ |
| જુવાર | ૪૦૧ | ૮૫૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૦૧ |
| મગ | ૯૦૧ | ૧૭૩૧ |
| ચણા | ૯૪૧ | ૧૧૨૬ |
| વાલ | ૭૫૦ | ૧૦૧૧ |
| ચોળા / ચોળી | ૯૦૧ | ૧૦૦૧ |
| સોયાબીન | ૭૨૧ | ૯૫૧ |
| રજકાનું બી | ૩૫૦૧ | ૩૫૦૧ |
| અજમાં | ૧૪૯૧ | ૧૪૯૧ |
| કળથી | ૫૦૧ | ૭૦૧ |
| ગોગળી | ૬૦૦ | ૯૪૧ |
| વટાણા | ૭૦૧ | ૨૦૬૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૫૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૬૦ | ૨૦૦ |
| દુધી | ૨૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૭૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૬૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૩૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૪૦૦ | ૧૨૦૦ |


| | | |
|---|---|---|
| ટિંડોરા | ૪૦૦ | ૮૦૦ |
| તુવેર | ૩૮૦ | ૧૦૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૪૦૦૦ | ૫૦૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૬૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૩૫૦ | ૪૬૦ |
| લીલી હળદર | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૪ | ૮ |
| તાંજરીયા પુરા | ૫ | ૬ |
| કોથમીર પુરા | ૨ | ૬ |
| મૂળા પુરા | ૫ | ૬ |
| કાચા કેળા | ૮૦ | ૨૦૦ |
| ગ્રૂણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| અલાવિપન | ૧૦ | ૧૫ |
| પરવર | ૭૦૦ | ૯૦૦ |
| કન્ટુહજર | ૬૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૩૮૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૨ | ૮ |
| બીટ પુરા | ૮ | ૧૫ |
| ચોરા | ૨૦૦ | ૧૧૦૦ |
| કારેલા | ૫૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૩૦૦ | ૧૨૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૨૪૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૫ | ૮ |
| પાલક પુરા | ૨ | ૭ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૬૦૫ | ૧૨૧૮ |
| શીંગ ગીરનારી | ૭૯૮ | ૧૧૪૫ |
| શીંગ મોટી | ૬૧૫ | ૧૨૮૦ |
| શિંગ દાણા | ૮૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૧૬૫ | ૨૮૧૦ |
| તલ કાળા | ૨૪૩૦ | ૫૨૪૦ |
| તલ કશ્મીરી | ૧૩૪૦ | ૨૩૫૦ |
| બાજરો | ૩૨૫ | ૪૫૨ |
| જુવાર | ૪૦૦ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૪૫૨ | ૫૮૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૫૬ |
| મગ | ૭૦૦ | ૧૫૪૫ |
| અડદ | ૭૧૦ | ૧૧૯૦ |
| ચણા | ૮૫૦ | ૧૧૩૧ |
| ચણા દેશી | ૧૧૨૧ | ૧૧૨૧ |
| સફેદ ચણા | ૮૮૧ | ૧૧૩૪ |
| છોલે ચણા | ૧૮૨૦ | ૧૮૨૦ |
| કપાસ | ૮૨૦ | ૧૫૫૩ |
| ચોળી | ૮૫૭ | ૮૫૭ |
| એરંડા | ૧૧૮૯ | ૧૨૮૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૦૦ |
| ધાણા | ૧૧૩૦ | ૧૪૩૦ |
| અજમા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૭૧૧ | ૮૮૬ |
| રજકાનું બી | ૬૩૫૦ | ૭૫૭૫ |
| **અમરેલી શાકભાજી** | | |
| બટેટા | ૩૪૦ | ૪૪૦ |
| રીંગણા | ૬૪૦ | ૧૫૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |

| | | |
|---|---|---|
| કોબીજ | ૧૧૦ | ૨૪૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૭૦૦ |
| ટમેટા | ૪૫૦ | ૫૦૦ |
| સુરણ | ૭૦૦ | ૮૦૦ |
| ગાજર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૪૦૦ | ૬૨૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| ગલકા | ૩૪૦ | ૫૫૦ |
| મૂળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૨૫૦ |
| વાલોળ | ૮૦૦ | ૯૦૦ |
| વટાણાં | ૨૫૦૦ | ૩૦૦૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૯૮૦ | ૧૨૦૦ |
| આમળા | ૫૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૫૨૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૮૨૦ | ૧૦૨૦ |
| આદુ | ૯૦૦ | ૧૧૨૦ |
| કોથમીર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફોદીનો | ૧૦૧૦ | ૧૨૨૦ |
| ટીંડોરા | ૪૫૦ | ૬૫૦ |
| બીટ | ૪૦૦ | ૬૨૦ |
| તુવેર | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૧૬૫૦ | ૧૭૫૦ |
| લીમડો મીઠો | ૨૮૦ | ૩૧૦ |
| મરચાં લીલાં | ૧૦૦ | ૧૦૦૦ |
| મરચાં લાલ | ૨૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૮૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૨૮૦ |
| લસણ લીલું | ૮૦૦ | ૧૮૦૦ |
| લસણ સુકું | ૪૨૦ | ૧૧૦૦ |
| ચિભડા | ૫૦૦ | ૭૦૦ |
| લીબુ | ૩૦૦ | ૫૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૨૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૮૧૧ | ૧૦૯૦ |
| શીંગ મોટી | ૮૬૦ | ૧૧૫૨ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૨૫ |
| તલ કાળા | ૪૦૦૦ | ૪૨૩૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૬૦૧ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૪૦ |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૬૨૫ |
| ઘઉં ટુકડા | ૫૩૫ | ૬૧૦ |
| બાજરો | ૩૪૦ | ૫૫૮ |
| જુવાર | ૫૭૦ | ૯૭૬ |
| મગ | ૧૪૩૦ | - |
| અડદ | ૧૦૭૧ | - |
| ચણા | ૯૦૦ | ૧૦૫૩ |
| તુવેર | ૧૦૮૬ | ૧૧૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૭૫ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૦૦ | ૧૫૧૧ |
| કપાસ કોડી | ૮૦૧ | ૧૧૫૬ |
| મગફળી | ૭૦૦ | ૯૭૬ |
| ઘઉં | ૫૦૦ | ૫૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૩૦ |

| | | |
|---|---|---|
| બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| અડદ | ૭૧૦ | ૧૦૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૧૦૦ |
| શિંગ દાણા | ૧૦૮૫ | ૧૦૮૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૭૯ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૩૪ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૬૦ |
| તલ સફેદ | ૧૧૧૦ | ૧૯૦૫ |
| ચણા | ૭૯૦ | ૧૧૪૫ |
| શીગદાળા | ૯૦૦ | ૧૧૦૫ |
| ધાણા | ૧૩૨૦ | ૧૪૦૧ |
| ચણા સફેદ | ૮૦૦ | ૧૨૫૫ |
| અડદ | ૮૫૫ | ૧૧૮૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૩૫ |
| તલ કાળા | ૩૮૦૦ | ૩૮૦૦ |
| મગફળી | ૫૦૦ | ૯૦૦ |
| જુવાર | ૨૩૦ | ૨૩૦ |
| મકાઈ | ૪૨૭ | ૪૯૬ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૪૨ |
| **રાજુલા** | | |
| શીંગ | ૪૫૦ | ૧૦૪૦ |
| તલ સફેદ | ૧૫૬૧ | ૧૯૫૦ |
| કપાસ | ૪૧૦ | ૧૪૯૮ |
| બાજરો | ૩૫૩ | ૬૦૮ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૯૦ |
| જુવાર | ૫૯૦ | ૯૭૦ |
| અડદ | ૮૦૦ | ૧૪૭૪ |
| ચણા | ૬૫૦ | ૧૦૪૬ |
| સોયાબીન | ૭૫૧ | ૮૨૪ |
| **બાબરા** | | |
| કપાસશંકરનવો | ૧૩૨૦ | ૧૫૩૫ |
| મીડીયમ | ૯૦૦ | ૧૨૪૦ |
| મગફળી | ૯૭૫ | ૧૧૭૫ |
| તલસફેદ | ૧૫૭૦ | ૧૯૫૦ |
| તલ કાળા | ૨૮૨૦ | ૪૫૦૦ |
| જીરૂ | ૩૦૨૫ | ૩૬૭૫ |
| ઘઉં | ૪૭૨ | ૫૪૮ |
| અડદ | ૮૮૦ | ૧૨૨૦ |
| મગ | ૧૨૭૦ | ૧૪૯૦ |
| સોયાબીન | ૮૦૮ | ૮૫૨ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૮૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૫૧ |
| ચણા | ૭૦૧ | ૧૧૦૧ |
| અડદ | ૮૦૧ | ૧૩૦૧ |
| મગફળી | ૬૦૧ | ૧૧૫૧ |
| સીંગફાડા | ૯૦૧ | ૧૧૨૬ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૨૧૯૧ |
| મેથી | ૫૦૬ | ૮૦૧ |
| જીરૂ | ૩૦૦૧ | ૩૬૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૩૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૭૬ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૬૦ | ૧૫૫૦ |
| કપાસ કોડી | ૮૫૦ | ૧૧૫૧ |
| મગફળી | ૬૧૨ | ૧૧૫૦ |
| તલ સફેદ | ૨૦૨૬ | ૨૦૨૬ |

| | | |
|---|---|---|
| મગ | ૭૫૧ | ૭૫૧ |
| **કોડીનાર** | | |
| કપાસ ડોળાસા | ૯૦૦ | ૧૫૩૫ |
| મગફળી નવી | ૮૦૦ | ૧૨૨૪ |
| બાજરો | ૩૭૫ | ૫૫૮ |
| ઘઉં | ૪૫૧ | ૫૬૨ |
| જુવાર | ૬૫૦ | ૯૩૪ |
| ચોળી | ૭૫૦ | ૧૨૮૫ |
| અડદ | ૮૦૦ | ૧૩૧૪ |
| ચણા | ૮૦૦ | ૧૦૨૩ |
| તલ | ૧૫૦૦ | ૨૨૦૨ |
| કાળા તલ | ૨૫૫૦ | ૩૭૧૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૭૮ |
| **જામનગર** | | |
| જુવાર | ૭૨૦ | ૭૭૫ |
| બાજરો | ૪૦૦ | ૪૨૦ |
| ઘઉં | ૪૬૫ | ૫૪૪ |
| મગ | ૮૪૦ | ૧૩૦૦ |
| અડદ | ૯૦૦ | ૧૩૪૦ |
| તુવેર | ૮૦૦ | ૧૩૪૫ |
| ચોળી | ૭૫૦ | ૧૨૮૫ |
| ચણા | ૯૦૦ | ૧૧૨૫ |
| સફેદ ચણા | ૧૦૫૦ | ૧૭૩૫ |
| મગફળી જીણી | ૯૨૦ | ૧૧૪૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૨૦ |
| મગફળી ૬૬ | ૯૫૦ | ૧૨૫૦ |
| મગફળી ૯ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૯૦ |
| તલ | ૭૫૦ | ૨૧૧૦ |
| લસણ | ૪૫૦ | ૧૧૯૫ |
| કપાસ | ૧૧૦૦ | ૧૬૦૫ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૮૧૫ |
| અજમો | ૧૨૦૦ | ૩૫૪૦ |
| અજમાની ભુકી | ૩૦ | ૧૯૦૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૫૨૫ |
| ડુંગળી સુકી | ૭૦ | ૨૪૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૬૦ |
| વટાણા | ૧૧૦૦ | ૧૮૭૦ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૭૭૦ | ૧૦૪૧ |
| શીંગ ૩૯ | ૭૫૦ | ૧૧૨૪ |
| શીંગ ગીરનારી | ૮૨૦ | ૧૧૮૯ |
| શીંગ જી-૨૦ | ૮૦૧ | ૧૨૨૩ |
| જુવાર | ૩૫૦ | ૭૫૦ |
| બાજરી | ૩૪૧ | ૬૧૯ |
| ઘઉં ટુકડા | ૫૦૪ | ૬૬૭ |
| મકાઈ | ૩૮૬ | ૪૩૨ |
| અડદ | ૭૦૦ | ૧૩૨૪ |
| મગ | ૧૩૮૦ | ૧૪૭૬ |
| સોયાબીન | ૭૮૨ | ૮૭૧ |
| ચણા | ૫૦૦ | ૧૦૭૨ |
| તલ સફેદ | ૮૦૦ | ૨૪૨૦ |
| તલ કાળા | ૩૭૦૦ | ૪૬૪૬ |
| મેથી | ૮૦૧ | ૮૦૧ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૫૫૦ |
| ડુંગળી લાલ | ૭૫ | ૨૪૬ |
| ડુંગળી સફેદ | ૯૦ | ૩૭૮ |
| કપાસ શંકર | ૭૦૫ | ૧૪૭૪ |
| નાળીયેર | ૬૫૦ | ૩૩૮૧ |

## શબ્દ સંજોગ-૨૦૯૬



**આડી ચાવી :**
(૧) વીરપુરના સંત (૪)
(૪) ગોદડાં મૂકવાની ઘોડી (૪)
(૭) જડસુ, બેવકુફ (૩)
(૮) ખોંખારો, ગુસ્સો (૧)
(૯) ભેદ, રહસ્ય (૨)
(૧૦) ચૂનાનો કોલ (૧)
(૧૧) વીર-બહાદુર સ્ત્રી (૪)
(૧૩) જક કરનારુ, જકિયું (૨)
(૧૪) ફુલમાંની રજ (૩)
(૧૫) પાંખોવાળી દેવતાઈ સુંદરી (૨)
(૧૬) વસ્તુ, ચીજ (૩)
(૧૭) બોરડીનું ફળ (૨)
(૧૯) વિષ્ણુનો એક અવતાર (૨)
(૨૦) કવિતા કરવી તે (૩)
(૨૧) વિણ, વિના (૨)
(૨૨) કાંગ જેવુ એક ધાન્ય (૨)
(૨૩) માણસ (૩)
(૨૫) સડક પૂરવાનો પથ્થર (૩)
(૨૭) અમદાવાદ-મુંબઈ વચ્ચે આવતુ સ્ટેશન (૪)
(૨૮) ગધેડો (૩)

**ઉભી ચાવી :**
(૧) દાંતવાળો મોંનો નીચેનો ભાગ (૩)
(૨) તમાચો (૨)
(૩) ઝટ સળગી ઉઠે તેવો એક વૃક્ષમાંથી મળતો પદાર્થ (૨)
(૫) રાગ, દીવાની જયોત (૩)
(૬) ગોઠવણ, વ્યવસ્થા (૩)
(૧૧) યોગનું એક આસન (૪)
(૧૨) કોટની દિવાલની બાજુ (૨)
(૧૩) ભારે ચેપી રોગ (૪)
(૧૪) એક જાતનું વાજિંત્ર (૩)
(૧૫) પારકા પર આધાર રાખનારુ (૫)
(૧૬) પકડ, સકંજો (૩)
(૧૭) સૂતરના તાર વીંટવાની ભૂંગળી (૩)
(૧૮) અસ્તવ્યસ્ત, છૂટુછવાયું (૪)
(૨૩) દીવાસળીની પેટી (૩)
(૨૪) એક ખડધાન્ય (૨)
(૨૬) શ્રેષ્ઠ, ઉત્તમ (૨)

## શબ્દ સંજોગ-૨૦૯૫ જવાબ

**આડી ચાવી:** (૧) અવનિ (૩) ઉરવર (૬) ઝામર (૭) દદધો (૯) ખસમ (૧૧) ફેરો (૧૩) બર (૧૪) જી (૧૫) કાષ્ઠ (૧૬) કાયમ (૧૮) કોણ (૧૯) રોચિ (૨૧) ધમણ (૨૪) રખે (૨૬) ટખરાગ(ખટરાગ) (૨૮) વસુ (૨૯) ફાંકો (૩૦) મીના (૩૧) બંદર (૩૨) ભટ્ટ.
**ઉભી ચાવી:** (૧) અલખ (૨) નિઝામ (૩) ઉરફે (૪) વદ (૫) રડબ(બરડ) (૮) ઘોર (૧૦) સમય (૧૨) રોકાણ (૧૬) કાશ્મીર (૧૭) મધ (૧૮) કોણ (૨૦) ચિરાગ (૨૨) મઢી (૨૩) ભેખ (૨૫) ખેવના (૨૬) ટકોર (૨૭) રાસભ (૨૯) ફાંદ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# આપનો વિરોધ કરવાને બદલે નેતાઓએ જનતાના મૂળભૂત પ્રશ્નો પર ધ્યાન આપવું જોઈએ : ગોપાલ ઈટાલિયા

અમદાવાદ,તા.૬

આમ આદમી પાર્ટીના વધતા જતાં પ્રભાવ અને ખાસ કરીને વિસાવદર વિધાનસભા પેટાચૂંટણીમાં મળેલી ભવ્ય જીત બાદ ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. ભાજપ અને કોંગ્રેસના કહેવાતા નેતાઓએ આપ વિરુદ્ધ કરેલા નિવેદનો પર આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ આકરા પ્રહારો કર્યા છે. તેમણે બંને પક્ષોના નેતાઓ પર ×લવારીએ ચઢેલા× હોવાનો વળતો પ્રહાર કર્યો છે. ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, વિસાવદરમાં આપની ભવ્ય જીતથી ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો બોખલાઈ ગયા છે અને જાણે કે બંને એક થઈ ગયા હોય તેવું વાતાવરણ સર્જાયું છે. તેમણે કહ્યું કે, આપનો વિરોધ કરવાને બદલે આ નેતાઓએ જનતાના મૂળભૂત પ્રશ્નો પર ધ્યાન આપવું જોઈએ. ભાજપના પ્રદેશ પ્રમુખ પર નિશાન સાધતા ગોપાલ ઈટાલિયાએ તેમને આપનો



વિરોધ કરવાને બદલે જનતાના હિતમાં કામ કરવા જણાવ્યું છે. તેમણે કહ્યું કે ગુજરાતમાં ડ્રગ્સ અને દારૂનું વેચાણ બંધ કરાવો. રાજ્યના ખરાબ રોડ-રસ્તાઓની હાલત સુધારો અને જનતા માટે નક્કર અને જનકલ્યાણના કામ કરો. કોંગ્રેસના નેતાઓને આપનો વિરોધ બંધ કરવાની સલાહ આપતા ઈટાલિયાએ તેમને તેમના શાસનવાળા રાજ્યોમાં ધ્યાન આપવા કહ્યું છે. તેમણે જણાવ્યું કે, કોંગ્રેસે આપનો વિરોધ કરવાને બદલે જનતાને એ જણાવવું જોઈએ કે જે રાજ્યોમાં તેમની સરકારો છે, ત્યાં તેઓ જનતા માટે શું કામ કરી રહ્યા છે.

# રાજકોટમાં પોલીસ ગુનેગારો સામે ચિંગમ, નાના માણસો સામે સિંઘમ : આપ

રાજકોટ,તા.૦૬

રંગીલા રાજકોટ શહેરની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ પોલીસની કામગીરી મામલે આમ આદમી પાર્ટીએ આજે વિરોધ વ્યક્ત કર્યો હતો. AAPનાં આગેવાનો અને કાર્યકરો પોલીસ કમિશનર કચેરીએ પહોંચ્યા હતા. તેમજ ''હાય રે કમિશનર હાય હાય', 'નાના વેપારીઓને હેરાન કરવાનું બંધ કરો' અને 'દારૂના અડ્ડા બંધ કરાવો' સહિતના નારા સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. રાજકોટ શહેર પ્રમુખ દિનેશ જોશીએ જણાવ્યું હતું કે, રાજકોટ શહેર પોલીસ ગુનેગારો




સામે ચિંગમ (નરમ) બની જાય છે, જ્યારે સામાન્ય પ્રજાજનો અને નાના વેપારીઓ સામે સિંઘમ (કડક) બનીને દમનકારી નીતિ અપનાવી રહી છે. આમ આદમી પાર્ટીનાં શહેર પ્રમુખ દિનેશ જોશીએ જણાવ્યું હતું કે, છેલ્લા ૪ દિવસથી રાજકોટ શહેર પોલીસ એકશન મોડમાં આવીને રાત્રિના ૧૧ વાગ્યા પછી રાજકોટ શહેરમાં ખાણી-પીણી તેમજ ચા-પાનની દુકાનો અને લારીઓ પર જઈને તે બળજબરીથી બંધ કરાવવા દબાણ કરી રહી છે. આ કામ પોલીસનું પ્રજાજનોના હિત માટે ૩૬૫ દિવસ કરવાનું હોય, પરંતુ હાલમાં ન્યૂસન્સ અને અસામાજિક તત્વો વિરુદ્ધ કાયદો અને વ્યવસ્થા જાળવવામાં પોલીસ નિષ્ફળ રહી છે અને તેનો સીધો માર પોતાનું ગુજરાન ચલાવતા નાના વેપારીઓ પર પડી રહ્યો છે.

# અમદાવાદમાં પાલતુ શ્વાને બે બાળકો પર હુમલો કર્યો, શ્વાન માલિકની અટકાયત

અમદાવાદ,તા.૦૬

અમદાવાદના ન્યૂ મણિનગર વિસ્તારમાં ડૂન રિવેરા સ્કૂલ પાસે આવેલા શરણમ એલિગન્સમાં પાલતું કૂતરા જર્મન શેફર્ડે બે બાળક પર હુમલો કર્યો હતો. મહિલા કૂતરાને લઈને બ્લોકના પાર્કિંગમાંથી જતી હતી ત્યારે બાળકો કૂતરાને જોઈને ભાગ્યા હતા. બાળકોને ભાગતા જોઈને લકી નામના કૂતરાએ તેની પાછળ દોટ મૂકી હતી. એક બાળક નીચે પડી જતાં કૂતરાએ એના દાંત બેસાડી દીધા હતા. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં



પણ કેદ થઈ ગઈ હતી. આ મામલે શ્વાનની માલિક સંગીતાની ધરપકડ કરવામાં આવી છે. નોંધનીય છે કે હાથીજણ વિસ્તારમાં ૬ મહિના પહેલાં ચાર મહિનાની બાળકી પર રોટવીલર નામના પાલતું કૂતરાએ હુમલો કરતાં બાળકીનું મૃત્યુ થયું હતું.

# આજે રાજ્યની તમામ સરકારી કચેરીનો સમય વહેલી સવારનો રહેશે

ગાંધીનગર,તા.૦૬

ગુજરાત સરકાર દ્વારા દેશના સ્વાતંત્ર્ય ચળવળના પ્રેરણારૂપ રહેલ રાષ્ટ્રગીત 'વંદે માતરમ'ના ૧૫૦મા વર્ષના ઉપક્રમે વિશાળ સ્તરે ઉજવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ માટે સામાન્ય વહિવટ વિભાગ દ્વારા વિગતવાર પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. પરિપત્ર અનુસાર, ૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ રાજ્યભરમાં સરકારી ઓફિસનો સમય સવારે ૯:૩૦થી સાંજે ૫:૧૦ સુધીનો રહેશે. તમામ સરકારી કચેરીઓ, જિલ્લા પંચાયત,



મહાનગરપાલિકા, જિલ્લા પાલિકા તથા નગરપાલિકાઓમાં રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ'ના સંગીત સાથે સમૂહગાનનું આયોજન થશે. રાજ્યસ્તરે મુખ્ય કાર્યક્રમ ગાંધીનગર વિધાનસભા ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાશે, જ્યારે જિલ્લા સ્તરે જિલ્લા પંચાયત પ્રમુખ અને સ્થાનિક સ્વરાજ સંસ્થાઓના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમો થશે. પરિપત્રમાં જણાવાયું છે કે દરેક વિભાગો અને કચેરીઓમાં સવારે ૯:૩૦ વાગ્યે અધિકારીઓ તથા કર્મચારીઓએ 'વંદે માતરમ'નું રાષ્ટ્રગીત સમૂહમાં ગાવાનું રહેશે અને તે પછી સ્વદેશીની શપથ લેવામાં આવશે.

# ૩૦ સિનિયર આઈપીએસ અધિકારી સાથે હર્ષ સંઘવી કચ્છની મુલાકાતે પહોંચ્યા

ભુજ,તા.૬

ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને ગૃહ પ્રધાન હર્ષ સંઘવી આજે કચ્છ જિલ્લાની મુલાકાતે પહોંચી ગયા છે. તેઓ સાથે રાજ્યના આશરે ૩૦ જેટલા સિનિયર આઈપીએસ અધિકારીઓની ટીમ પણ આ કચ્છની મુલાકાતમાં જોડાઈ છે. નાયબ મુખ્યમંત્રીએ આજે સવારે ભુજ સર્કિટ હાઉસ ખાતે જિલ્લા પ્રશાસન, પોલીસ અધિકારીઓ અને બીએસએફ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. બેઠક બાદ સમગ્ર ટીમે ભારત-પાકિસ્તાન સરહદ પર આવેલા સીમાવર્તી વિસ્તારોની મુલાકાત શરૂ કરી છે. આ પ્રવાસનો મુખ્ય હેતુ સીમાવર્તી વિસ્તારોની સર્વગ્રાહી સમીક્ષા કરવાનો છે. હર્ષ સંઘવીની આગેવાની હેઠળની આ ટીમ ગામડાઓમાં જઈને આરોગ્ય, શિક્ષણ, સ્વચ્છતા, માળખાગત સુવિધાઓ, પીવાના પાણી, વીજળી, રસ્તા, રોજગાર અને સુરક્ષા જેવી બાબતોની હાલની સ્થિતિનું મૂલ્યાંકન કરી રહી છે.

# ભારતી આશ્રમના લઘુમહંત મહાદેવ ભારતી બાપુને આશ્રમના તમામ પદ પરથી હટાવાયા

જૂનાગઢ,તા.૦૬

જૂનાગઢના પ્રતિષ્ઠિત ભારતી આશ્રમના લઘુમહંત મહાદેવ ભારતી બાપુ ૨ નવેમ્બરના રોજ વહેલી સવારે આશ્રમમાંથી ગુમ થયા હતા. આ પછી ૩ દિવસની સઘન શોધખોળ બાદ મહાદેવ ભારતી બાપુ બુધવારે ઈટવા ઘોડી જંગલ વિસ્તારમાંથી મળી આવ્યા હતા. મહાદેવ ભારતી બાપુને સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. તેવામાં ગુરુવારે આશ્રમના મહંત હરિહરાનંદે લઘુમહંત મહાદેવ ભારતીને લઘુમહંત સહિત આશ્રમના તમામ હોદ્દાઓ પરથી હટાવ્યા હોવાનું જણાવ્યું છે. મળતી માહિતી મુજબ, મહાદેવ ભારતી બાપુને આશ્રમના તમામ પદ પરથી હટાવાયા છે. મહાદેવ ભારતીને હવે જૂનાગઢ ભારતી આશ્રમ સાથે કોઈ પ્રકારે લેવાદેવા ન હોવા મામલે આશ્રમના મહામંડલેશ્વર હરિહરાનંદે જણાવ્યું



હતું. જૂનાગઢના ભારતી આશ્રમના લઘુમહંત મહાદેવ ભારતી બાપુ ગુમ થયા બાદ પોલીસ અને SDRFએ મેગા સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું. જેમાં બાપુની ભાળ મેળવવા માટે જૂનાગઢ પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા ગિરનારના જંગલમાં વ્યાપક સ્તરે સર્ચ ઑપરેશન હાથ ધરીને પોલીસની ૮ ટીમો તહેનાત કરવામાં આવી હતી, જેમાં ૩૦૦થી વધુ કર્મચારીઓ જોડાયા હતા. આ સંયુક્ત ઑપરેશનમાં ૨૪૦થી વધારે પોલીસ સ્ટાફ, ૪૦થી વધુ SDRFના જવાનો અને ૩૦થી વધુ વન વિભાગના કર્મચારીઓ સામેલ થયા હતા.

# મગફળી અને કપાસ બાદ હવે સૌરાષ્ટ્રના ખેડૂતોને રડાવતી ડુંગળી

**ખર્ચ કરતા પણ નીચા ભાવ મળતા હોવાથી ખેડૂતોમાં રોષ**

રાજકોટ,તા.૦૬

સૌરાષ્ટ્રમાં આ વર્ષે ડુંગળીનું બમ્પર ઉત્પાદન થયું હોવા છતાં ખેડૂતોની હાલત દયનીય બની છે. સમગ્ર સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં ડુંગળીનું મોટા




પાયે વાવેતર થયું હતું, પરંતુ હાલમાં બજારમાં ડુંગળીના ભાવ ઉત્પાદન ખર્ચ કરતાં પણ નીચા મળી રહ્યા છે, જેના કારણે ખેડૂતોને ભારે નુકસાન વેઠીને પોતાની ડુંગળી વેચવાની ફરજ પડી રહી છે. રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં પોતાની વ્યથા ઠાલવતા ખેડૂતોએ જણાવ્યું હતું કે, તેમને પ્રતિ કિલો રૂ. ૨.૫થી લઈ રૂ. ૫ સુધીના જ ભાવ મળી રહ્યા છે. રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં નવી ડુંગળીના ભાવ રૂ. ૫૦થી શરૂ થઈને માત્ર રૂ. ૨૦૦ સુધી જ છે, જે ખેડૂતો માટે પાયમાલી સમાન છે. ત્યારે આવી પરિસ્થિતિમાં સરકાર સહાય આપે તેવી માગ ખેડૂતો કરી રહ્યા છે.

# ૧૨ નવેમ્બર સુધી રાજ્યમાં હવામાન સૂકું રહેવાની આગાહી કરાઈ

રાજકોટ,તા.૦૬

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં એટલે કે, આજથી લઈને ૧૨ નવેમ્બર સુધી સમગ્ર રાજ્યમાં હવામાન સામાન્ય રીતે સૂકું રહેવાની આગાહી છે. લઘુત્તમ તાપમાનમાં ત્રણ દિવસ સુધી ૨થી ૩ ડિગ્રી સેલ્સિયસનો ક્રમશઃ ઘટાડો રહેશે અને તેના પછી કોઈ મોટો બદલાવ નહીં રહે. અત્યારે દરિયાકાંઠાના પવનની દિશા ઉત્તર અને દક્ષિણ છે, તેમાં પવનની દિશા મુખ્યત્વે ઉત્તરથી ઉત્તર-પૂર્વ દિશા તરફથી છે. રાજ્યમાં સૌથી ઓછું



તાપમાન નલિયામાં ૧૫.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. નલિયાનું તાપમાન ૧૮ હતું, જેમાં ૨.૫ ડિગ્રીનો ઘટાડો થયો છે.

# નવસારીના માથાભારે સલમાન લસ્સી ચપ્પું વડે હુમલો કરતા સ્વબચાવમાં પોલીસે ગોળીબાર કરતા ઘાયલ થયો

નવસારી,તા.૬

સુરતનો માથાભારે અને વોન્ટેડ આરોપી સલમાન લસ્સી ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. નવસારી જિલ્લાના મરોલી વિસ્તારમાં સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમ તેની ધરપકડ કરવા જતાં સલમાન લસ્સીએ પોલીસ પર ચપ્પુ વડે હુમલો કર્યો હતો, જેના જવાબમાં પોલીસે સ્વબચાવમાં ફાયરિંગ કરવું પડ્યું હતું. આ ફાયરિંગમાં સલમાન લસ્સીના પગના ભાગે ગોળી વાગતાં તેને સારવાર માટે



સુરત ખસેડવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, સુરત ક્રાઈમ બ્રાન્ચની એક મોટી ટીમ (લગભગ ૨૫ થી ૩૦ પોલીસ જવાનો) ગુપ્ત બાતમીના આધારે વોન્ટેડ આરોપી સલમાન લસ્સીને પકડવા માટે નવસારીના મરોલી ખાતે પહોંચી હતી.

# અમદાવાદ ગ્રામ્યના ધંધુકામાં ૪૨ લાખના દારૂ સાથે ૭૯ લાખનો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો

અમદાવાદ,તા.૬

અમદાવાદ ગ્રામ્યના ધંધુકામાં વાગડ ગામના ખુલ્લા ખેતરમાં દારૂનો જથ્થો હોવાની માહિતી સ્ટેટ મોનીટરીંગ સેલના અધિકારીઓને મળી હતી. જેને આધારે પોલીસે વાગડ ગામના ખુલ્લા ખેતરમાં દરોડો પાડ્યો હતો. અહીંથી પોલીસે રૂ.૪૨,૯૮,૬૮૦ની કિંમતનો દારૂનો જથ્થો કબજે કર્યો




હતો. તે સિવાય પાંચ વાહનો, સાત મોબાઈલ, રોકડ રકમ વગેરે મળીને કુલ રૂ. ૭૯,૫૨,૩૮૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસમાં પોલીસે પાંચ શખ્સોની ધરપકડ કરી હતી. જ્યારે પાંચ ફરાર આરોપીની શોધ હાથ ધરી છે.

# મહુવા માર્કેટિંગ યાર્ડમાં તા.૯ સુધી મગફળીની આવક પર પ્રતિબંધ

મહુવા,તા.૦૬

મહુવા માર્કેટિંગ યાર્ડમાં મગફળીની આવક પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સૌરાષ્ટ્રના સૌથી મોટા ગણાતા આ યાર્ડમાં ૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૯ વાગ્યાથી મગફળીની આવક બંધ કરી દેવામાં આવી છે. યાર્ડના સત્તાધીશો દ્વારા લેટરપેડ પર સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાત



મુજબ, ૬ નવેમ્બરથી ૯ નવેમ્બર સુધી, એટલે કે ત્રણ દિવસ માટે મગફળીની આવક સંપૂર્ણપણે બંધ રહેશે. મહુવા માર્કેટિંગ યાર્ડના સેક્રેટરીએ જણાવ્યું કે યાર્ડમાં મગફળીનો મોટા પ્રમાણમાં ભરાવો થઈ જવાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ખેડૂતો અને વેપારીઓને મગફળી વેચાણ માટે ન લાવવા વિનંતી કરવામાં આવી છે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે ખેડૂતોને કમોસમી વરસાદના કારણે મગફળીના પાકમાં વ્યાપક નુકસાન થયું છે. ત્રણ દિવસ માટે આવક બંધ થવાથી ખેડૂતોને તેમની જણસ વેચવામાં વિલંબનો સામનો કરવો પડશે.

**આવક બંધ થવાથી ખેડૂતોને તેમની જણસ વેચવામાં વિલંબનો સામનો કરવો પડશે**

# સિંહ પજવણી કેસમાં ગીરગઢડા કોર્ટે ત્રણ આરોપીઓને શરતી જામીન આપ્યા

કોડીનાર તા.૦૬

ગીરગઢડા તાલુકાના જસાધાર રેન્જ વિસ્તારમાં સિંહની પજવણી કરવાના કેસમાં ઝડપાયેલા વેરાવળ શહેરના ત્રણ યુવાનોને ગીરગઢડા કોર્ટે જામીનમુક્ત કર્યા હતા. વકીલની ધારદાર દલીલો અને સુપ્રીમ કોર્ટ તેમજ ગુજરાત હાઈકોર્ટના જજમેન્ટોને ટાંકીને કોર્ટે આરોપીઓને શરતી જામીન આપ્યા હતા. બનાવની વિગત પ્રમાણે તારીખ ૨૧/૧૦/૨૦૨૫ના રોજ વેરાવળના રહેવાસી સર્જીલભાઈ પંજા, અ.હન્નાન બાગજી અને માહીન કોઠારી વિરુદ્ધ જસાધાર રેન્જમાં ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદ મુજબ, આ યુવાનોએ જસાધાર રેન્જના નવાબંદર વિસ્તાર, જે સિંહોનો હેબિટાટ છે, ત્યાં મારણ ખાઈ રહેલા સિંહ ઉપર કારની લાઈટ નાખી તેમજ પથ્થરો મારી સિંહને ભાગી જવા મજબૂર કર્યો હતો. આ અંગે જસાધાર રેન્જ ફોરેસ્ટ ગુ.ર.નં. ૧૮/૨૦૨૫/૨૬ થી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આરોપીઓએ જંગલ વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવેશનો દંડ તો ભરી દીધો હતો, પરંતુ વન વિભાગને તેમના મોબાઈલમાંથી સિંહોની પજવણીના જુના વીડિયો મળ્યા હતા. જેને આધારે વન વિભાગે ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી. આરોપીઓના વકીલ અલીનકી નકવી (છાછર વાળા) દ્વારા ગીરગઢડા કોર્ટમાં જામીન અરજી ચલાવવામાં આવી હતી. વકીલે કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે આરોપીઓના મોબાઈલમાંથી મળી આવેલા વીડિયોની એફ.એસ.એલ તપાસ હજુ બાકી છે. જ્યાં સુધી એફ.એસ.એલ રિપોર્ટ ન આવે ત્યાં સુધી આ માત્ર આરોપો જ ગણાય. વકીલ નકવીએ દલીલ કરી હતી કે, રિપોર્ટ આવે ત્યાં સુધી આરોપીઓને જેલ હવાલે રાખવા વ્યાજબી નથી. તેમણે નામદાર સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના વિવિધ જજમેન્ટો રજૂ કરી સબળ રજૂઆત કરી હતી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ, ગીરગઢડા કોર્ટે આ ત્રણ આરોપીઓને જામીનમુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. જામીન મળતા આરોપીઓના પરિવારજનો અને મિત્રોમાં રાહતની લાગણી પ્રસરી હતી.

### બિહારના અરરિયાના ફોર્બ્સગંજમાં જાહેર રેલીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી

# સરકારે બિહારના વિકાસ અને સુરક્ષા માટે હાથ ધરેલું કાર્ય અભૂતપૂર્વ છે : મોદી

(એચ.એસ.એલ),પટણા,તા.૬

બિહારના અરરિયાના ફોર્બ્સગંજમાં એક જાહેર રેલીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "આજે હું વડાપ્રધાન તરીકે નહીં, પરંતુ તમારા પુત્ર તરીકે આવ્યો છું. તમારા સપના મારી પ્રતિજ્ઞા છે." પીએમ મોદીએ જણાવ્યું હતું કે એનડીએ સરકારે બિહારના વિકાસ અને સુરક્ષા માટે હાથ ધરેલું કાર્ય અભૂતપૂર્વ છે અને રાજ્યને એક નવી દિશા આપી રહ્યું છે. શિક્ષણથી લઈને આરોગ્ય અને આધુનિક માળખાગત સુવિધાઓ સુધી દરેક ક્ષેત્રમાં ઐતિહાસિક પગલાં લેવામાં આવ્યા છે. પીએમ મોદીએ કહ્યું, "થોડા દિવસો પહેલા, મેં કોંગ્રેસ-આરજેડી ઝઘડાનો પર્દાફાશ કર્યો હતો. આ ઝઘડો વધી ગયો છે. કોંગ્રેસે આરજેડી સામે પોતાના નાયબ મુખ્યમંત્રી પદના ઉમેદવારને ઉભા રાખ્યા છે. તેઓ મીડિયા ઈન્ટરવ્યુ આપી રહ્યા છે અને આરજેડીના જંગલ રાજનો પર્દાફાશ કરી રહ્યા છે. તેઓ કહી રહ્યા છે કે આ જંગલ રાજમાં દલિતો, મહાદલિતો અને અત્યંત પછાત વર્ગોએ સૌથી વધુ અત્યાચાર સહન કર્યા છે. ચૂંટણીઓ હમણાં જ થઈ છે, અને જ્યારે પરિણામો આવશે, ત્યારે તેઓ એકબીજાના વાળ ખેંચી નાખશે." એનડીએ સરકારે બિહારના કનેક્ટિવિટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા પર ખાસ ધ્યાન આપ્યું છે.



પીએમ મોદીએ અરરિયામાં કહ્યું, "એનડીએના કાર્યકાળ દરમિયાન, ગંગા નદી પર ચાર નવા પુલ બનાવવામાં આવ્યા છે, જે ઉત્તર અને દક્ષિણ બિહાર વચ્ચે મુસાફરીને સરળ બનાવશે. કોસી નદી પર ત્રણ નવા પુલ તૈયાર છે, અને ત્રણ વધુ પુલો પર કામ ઝડપથી ચાલી રહ્યું છે, જે મિથિલાનું ભાગ્ય બદલી નાખશે."

પીએમે માહિતી આપી કે કેન્દ્ર સરકારે બિહાર માટે સાત એક્સપ્રેસ-વે મંજૂર કર્યા છે, જેમાંથી એક પહેલાથી જ પૂર્ણ થઈ ગયો છે. ગોરખપુર- સિલિગુડી એક્સપ્રેસવે જેવા પ્રોજેક્ટ્સ બિહારના આર્થિક વિકાસને વેગ આપશે. વિસ્તારોમાં સીમાંચલની જેમ, આધુનિક માળખાગત સુવિધાઓનું નિર્માણ થઈ રહ્યું છે, જે આ ક્ષેત્રમાં વર્ષોથી થતી ઉપેક્ષાને દૂર કરે છે. પીએમએ કહ્યું, એનડીએ સરકારે બિહારને જ્ઞાન અને આરોગ્યનું કેન્દ્ર બનાવવા માટે ઘણી પ્રતિષ્ઠિત સંસ્થાઓની સ્થાપના કરી છેઃ પટનામાં આઈઆઈટી, ભાગલપુરમાં ટ્રિપલ આઈટી અને બિહારમાં ચાર કેન્દ્રીય યુનિવર્સિટીઓ. બોધગયામાં એમ્સ અને દરભંગામાં એમ્સ પર પણ કામ ચાલી રહ્યું છે."

મોદીએ કહ્યું કે વિકાસની સાથે, રાષ્ટ્રીય સુરક્ષા અને બિહારના નાગરિકોના અધિકારોનું રક્ષણ પણ NDA સરકારની ટોચની પ્રાથમિકતાઓ છે.

## સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીઓને લઈને રાયગઢ જિલ્લામાં રાજકીય વાતાવરણ ગરમાયું

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૬

મહારાષ્ટ્રમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીનું બ્યુગલ વાગી ગયું છે. ૨૪૬ નગરપાલિકાઓ અને ૪૨ શહેર પરિષદોની ચૂંટણી ૨ ડિસેમ્બરે યોજાશે. પરિણામો ૩ ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે. દરમિયાન, આચારસંહિતા લાગુ થયા બાદ રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. સ્થાનિક સ્તરે હવે ગઠબંધન અને મોરચાની શક્યતા અંગે ચર્ચાઓ ચાલી રહી છે. આ દરમિયાન, અજિત પવારે એક આશ્ચર્યજનક નિર્ણય લીધો છે, જેના કારણે રાયગઢમાં ગઠબંધન ભાંગી જશે. શક્યતા વધી ગઈ છે.

સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીઓને લઈને રાયગઢ જિલ્લામાં રાજકીય વાતાવરણ ગરમાયું છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ આજે જિલ્લા માટે સમીક્ષા બેઠકનું આયોજન કર્યું હતું. નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અને સાંસદ સુનીલ તટકરે હાજર રહ્યા હતા. એકનાથ શિંદેના શિવસેના સાથે જોડાણનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો.

## નવી ઈમારત સામ્રાજ્યવાદી માળખા જેવી ન હોવી જોઈએ : સીજેઆઈ ગવઈ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૬

ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઇ) ભૂષણ ગવઈએ કહ્યું છે કે મુંબઈમાં બનનારી નવી બોમ્બે હાઈકોર્ટની ઈમારતમાં અતિરેક ટાળવો જોઈએ અને ન્યાયનું મંદિર બનવું જોઈએ, ૭-સ્ટાર હોટેલ નહીં. બાંદ્રા (પૂર્વ) માં ઈમારતનો શિલાન્યાસ કર્યા પછી એક સભાને સંબોધતા, સીજેઆઇ ગવઈએ ભાર મૂક્યો હતો કે નવી ઈમારત સામ્રાજ્યવાદી માળખા જેવી ન હોવી જોઈએ, પરંતુ બંધારણમાં સમાવિષ્ટ લોકશાહી મૂલ્યો સાથે સુસંગત હોવી જોઈએ. સીજેઆઈએ નવી ઈમારતમાં અતિરેક ટાળવાનું સૂચન કર્યું અને યાદ અપાવ્યું કે 'ન્યાયાધીશો હવે જમીનદાર નથી.' સમગ્ર પ્રોજેક્ટનો ખર્ચ ૪,૦૦૦ કરોડથી વધુ હોવાનો અંદાજ છે.



સીજેઆઈ એ કહ્યું, "મેં કેટલાક અખબારોમાં વાંચ્યું છે કે ઈમારત ઉજ્જડ છે. બે ન્યાયાધીશો માટે એક લિફ્ટ શેર કરવાની જોગવાઈ છે." ન્યાયાધીશો હાઈકોર્ટ, ટ્રાયલ કોર્ટ કે સુપ્રીમ કોર્ટના હોય, બધી સંસ્થાઓ - ન્યાયતંત્ર, કારોબારી અને વિધાનસભા - દેશના છેલ્લા નાગરિકની સેવા કરવા માટે બંધારણ હેઠળ કાર્ય કરે છે. સમાજને ન્યાય પહોંચાડવા માટે." તેમણે ઈમારતની ભવ્યતા અને પ્રતિષ્ઠિત માળખાને જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

## કાશ્મીરમાં આતંકવાદી ઘૂસણખોરી, ડ્રોન સર્વેલન્સ અને સરહદ પારથી લોજિસ્ટિક્સ સપ્લાયમાં વધારો

(એચ.એસ.એલ),જમ્મુ,તા.૬


એપ્રિલમાં જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને કોઈ ભુલી શક્યું નથી. આ હુમલા બાદ, ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર દ્વારા એક સાથે અનેક આતંકવાદીઓને ખતમ કરી દીધા. જો કે, આતંકવાદીઓ પીછેહઠ કરી રહ્યા નથી. કારણ કે ગુપ્તચર સૂત્રોએ ખુલાસો કર્યો છે કે આતંકવાદીઓ કાશ્મીરમાં પહેલગામ શૈલીના બીજા હુમલાની યોજના બનાવી રહ્યા છે. આ માહિતી સામે આવ્યા પછી સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર છે.

ગુપ્તચર અહેવાલો અનુસાર, સપ્ટેમ્બરથી કાશ્મીરમાં આતંકવાદી ઘૂસણખોરી, ડ્રોન સર્વેલન્સ અને સરહદ પારથી લોજિસ્ટિક્સ સપ્લાયમાં વધારો થયો છે. પાકિસ્તાનની આઈએસઆઈ અને એસએસજી તરફથી સમર્થન મળતાં, લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદના અનેક એકમો એલઓસી દ્વારા જમ્મુ અને કાશ્મીરમાં પ્રવેશ્યા છે.

## ત્રિશૂલ કવાયતમાં ભારતીય સશસ્ત્ર દળોએ આધુનિક તકનીકી કુશળતા દર્શાવી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૬

ત્રિશૂલ કવાયતમાં, ભારતીય સેના, નૌકાદળ, વાયુસેના તેમજ બીએસએફ અને કોસ્ટગાર્ડે અભૂતપૂર્વ રીતે સંયુક્ત રીતે ભાગ લીધો. લડાઈ ક્ષમતાઓ, સંકલન અને આધુનિક તકનીકી કુશળતા દર્શાવી. આ વર્ષના ત્રિશૂલ અભ્યાસની મુખ્ય વિશેષતા તેની બહુ-ડોમેન વ્યૂહરચના છે - જે પરંપરાગત જમીન, પાણી અને હવાઈ ક્ષેત્રથી આગળ વિસ્તરે છે જેથી અવકાશ અને સાયબરસ્પેસનો સમાવેશ થાય છે. "સ્પેસઃ ધ ન્યૂ બેઝિસ ઓફ સ્ટ્રેટેજિક પાવર" માં, કસરતોની આ શ્રેણીમાં પહેલીવાર, કાર્યકારી માળખામાં અવકાશ-આધારિત સંદેશાવ્યવહાર, દેખરેખ અને જાસૂસી પ્રણાલીઓનો વ્યાપક સમાવેશ કરવામાં આવ્યો છે.



ઉપગ્રહ છબી અને રીઅલ-ટાઇમ ડેટા સાથે, કમાન્ડરો હવે દુશ્મનની ગતિવિધિઓનું અવલોકન કરી શકે છે, મિસાઈલ માર્ગોનું વિશ્લેષણ કરી શકે છે અને ચોક્કસ હુમલાઓની યોજના બનાવી શકે છે. ભારતની વધતી જતી લશ્કરી અવકાશ ક્ષમતાઓનું પ્રદર્શન કરીને, સુરક્ષિત સંદેશાવ્યવહાર, નેવિગેશન અને અવકાશ-આધારિત સંસાધનોનો ઉપયોગ લક્ષ્ય બનાવવા માટે પણ થઈ રહ્યો છે. આ પ્રયાસો અવકાશમાં "બળ ગુણક" તરીકે ભારતના દ્રષ્ટિકોણને મજબૂત બનાવે છે - બધા યુદ્ધના મેદાનોમાં સતત અને સંકલિત સંકલનને સક્ષમ કરે છે.

## બંગાળમાં એસઆઈઆરને કારણે આત્મહત્યાની સંખ્યામાં થયો વધારો

(એચ.એસ.એલ),કોલકતા,તા.૬

પશ્ચિમ બંગાળમાં સ્પેશિયલ ઈન્સેન્ટિવ રિવિઝનનો ડર એટલો વધી ગયો છે કે લોકો આત્મહત્યા કરી રહ્યા છે. એસઆઈઆરને કારણે આત્મહત્યાની સંખ્યામાં વધારો થયો છે. અત્યાર સુધીમાં સાત લોકોએ પોતાનો જીવ જોખમમાં મૂક્યો છે. કેટલાકે ફાંસી લગાવીને આત્મહત્યા કરી, જ્યારે અન્યોએ ઝેર પીધું. તાજેતરનો કિસ્સો દક્ષિણ ૨૪ પરગણાનો છે. ભાંગોરના સોફિકુલ ગાઝીએ એસઆઈઆર-એનઆરસીના ડરથી આત્મહત્યા કરી હતી. આ ઘટના બાદ, ટીએમસી ધારાસભ્ય સૌકત મોલ્લાએ ગાઝીના પરિવારને મળવા માટે ઘટનાસ્થળે મુલાકાત લીધી હતી. હકીકતમાં, જ્યારથી બંગાળમાં



એસઆઈઆર પ્રક્રિયા શરૂ થઈ છે, ત્યારથી લોકો ભયમાં જીવી રહ્યા છે. તેમને ડર છે કે તેમને પાછા ફરવું પડી શકે છે. પશ્ચિમ બંગાળમાં ૨૩ વર્ષ પછી એસઆઈઆર યોજાઈ રહ્યું છે. રાજ્યમાં આવી છેલ્લી ચૂંટણી ૨૦૦૨ માં થઈ હતી. ચૂંટણી પંચ અનુસાર, ડ્રાફ્ટ યાદી ૯ ડિસેમ્બરે પ્રકાશિત કરવામાં આવશે. દાવાઓ અને વાંધા માટે એક મહિનાનો સમય આપવામાં આવશે. લોકો ૯ ડિસેમ્બરથી ૮ જાન્યુઆરી સુધી દાવાઓ અને વાંધા દાખલ કરી શકે છે.

## કાશ્મીરમાં રૂા. ૯૦૦ કરોડના ખર્ચે વોટર મેટ્રો પ્રોજેક્ટ અંતિમ તબક્કામાં

નવીદિલ્હી,તા.૬

અયોધ્યા, પ્રયાગરાજ, વારાણસી, ગોવા, આંદામાન, લક્ષદ્વીપ અને પટના જેવા ૧૮ શહેરોની જેમ, કાશ્મીરમાં વોટર મેટ્રો પ્રોજેક્ટ તેના અંતિમ તબક્કામાં છે. ઈનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ઝેલમ અને દાલ તળાવોમાં પ્રવાસન અને સ્થાનિક પરિવહનને સરળ



બનાવવા માટે આશરે ૯૦૦ કરોડ રૂપિયાના ખર્ચે આ પ્રોજેક્ટ પર કામ કરી રહી છે.

કોચી મેટ્રો રેલ લિમિટેડે પ્રોજેક્ટ બ્લુપ્રિન્ટ તૈયાર કર્યો છે, જેમાં હવે ઝેલમ અને દાલમાં ચાર નવા સ્થળોનો સમાવેશ થાય છે. વોટર મેટ્રો આઠ રૂટ અને ૧૦૧.૬૦ કિમીનું અંતર આવરી લેશે. નોંધપાત્ર રીતે, દાલ તળાવના ઈકોસિસ્ટમને જાળવવા માટે ઈલેક્ટ્રિક બોટ ચલાવવાની યોજના છે.

## ફિલિપાઈન્સમાં વાવાઝોડાના કારણે રાષ્ટ્રપતિએ કટોકટીની સ્થિતિ જાહેર કરી

સેબુના,તા.૬

શક્તિશાળી વાવાઝોડા કાલમેગીએ ફિલિપાઈન્સમાં ભારે તબાહી મચાવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૨૪૧ લોકો મૃત્યુ પામ્યા છે અને ઘણા ગુમ છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ આર. માર્કોસ જુનિયરે કટોકટીની સ્થિતિ જાહેર કરી છે. અધિકારીઓનું કહેવું છે કે વાવાઝોડાને કારણે હજુ પણ ઘણા લોકો મદદ સુધી પહોંચી શકતા નથી. રેડક્રોસને મદદ માટે વિનંતી કરતા સેંકડો કોલ મળ્યા છે.

ફિલિપાઈન્સની સેનાએ જણાવ્યું હતું કે મૃતકોમાં છ લોકોનો સમાવેશ થાય છે જેઓ કાલમેગીથી પ્રભાવિત પ્રાંતોમાં માનવતાવાદી સહાય પહોંચાડી રહેલા વાયુસેનાના હેલિકોપ્ટરમાં હતા.

## બાંગ્લાદેશમાં યોજાનારી સામાન્ય ચૂંટણી માટે પ્રચાર શરૂ થતા જ હિંસા ફાટી નીકળી

ઢાકા,તા.૬

ફેબ્રુઆરી ૨૦૨૬ માં યોજાનારી સામાન્ય ચૂંટણીઓ માટે પ્રચાર શરૂ થતાં બાંગ્લાદેશમાં અનેક સ્થળોએ હિંસા ફાટી નીકળી છે. દરમિયાન, વિપક્ષી બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી) ના ઉમેદવાર ઈર્શાદ ઉલ્લાહને ચિત્તાગોંગમાં ગોળી મારીને ઘાયલ કરવામાં આવ્યા હતા, જ્યારે કુમિલા જિલ્લામાં, તોફાનીઓએ બીજા ઉમેદવારના ઘરને આગ લગાવી દીધી હતી. વચગાળાની સરકારે આ ઘટનાઓની સખત નિંદા કરી છે અને જણાવ્યું છે કે લોકશાહી પ્રક્રિયા દરમિયાન કોઈપણ પ્રકારની હિંસા સહન કરવામાં આવશે નહીં. સરકારે જણાવ્યું હતું કે પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે બીએનપી ઉમેદવાર ઈર્શાદ ઉલ્લાહ હુમલાનો મુખ્ય લક્ષ્ય નહોતો, પરંતુ એક ગોળીથી ઘાયલ થયો હતો. સરકારે એક નિવેદન બહાર પાડીને કહ્યું હતું કે, "અમે આ ગુનાહિત ઘટના પર ઊંડી ચિંતા વ્યક્ત કરીએ છીએ અને તમામ ઉમેદવારો અને નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ." ચિત્તાગોંગ મેટ્રોપોલિટન પોલીસને ગુનેગારોને પકડવા માટે સૂચના આપવામાં આવી છે.

## "રાષ્ટ્રપતિ શી જિનપિંગ એક મજબૂત અને શાણો માણસ છે" : ડોનાલ્ડ ટ્રમ્પ

વોશિંગ્ટન,તા.૬

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ક્યારે અને ક્યાં શું કહેશે તે અણધાર્યું હોય છે. તાજેતરમાં, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને ટ્રમ્પ વચ્ચે મુલાકાત થઈ હતી. હવે, ટ્રમ્પે આ બેઠક પર પોતાનો અનોખો દ્રષ્ટિકોણ વ્યક્ત કર્યો છે. વ્હાઈટ હાઉસ ખાતે રિપબ્લિકન સેનેટરો સાથેની મુલાકાત દરમિયાન, ટ્રમ્પે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને તેમના અધિકારીઓ સાથેની તેમની મુલાકાતનું અનોખી રીતે વર્ણન કર્યું. વ્હાઈટ હાઉસ ખાતે સેનેટરો સાથેની મુલાકાત દરમિયાન, ટ્રમ્પે ચીની રાષ્ટ્રપતિને મળવાનો પોતાનો અનુભવ શેર કર્યો, ખાસ કરીને શી સાથેની ટીમનો ઉલ્લેખ કર્યો. ટ્રમ્પે કહ્યું કે તેમણે પહેલા ક્યારેય લોકોને આટલા ડરેલા જોયા નથી. નોંધનીય છે કે, ટ્રમ્પે શી જિનપિંગ જેવા તેમના મંત્રીમંડળની ઈચ્છા વ્યક્ત કરી હતી. ચીનના રાષ્ટ્રપતિ વિશે, ટ્રમ્પે કહ્યું, "રાષ્ટ્રપતિ શી એક મજબૂત માણસ છે, એક શાણો



માણસ છે." બેઠક દરમિયાન, તેમણે જોયું કે શી જિનપિંગ સાથે આવેલા લોકો સંપૂર્ણપણે મૌન બેઠા હતા. તેમણે કહ્યું, "મેં મારા જીવનમાં ક્યારેય આટલા ડરેલા લોકો જોયા નથી." તેમણે સમજાવ્યું કે જ્યારે તેમણે એક વ્યક્તિ સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે કોઈએ જવાબ આપ્યો નહીં. ટ્રમ્પે કહ્યું, "મેં પૂછ્યું, 'શું તમે મને જવાબ આપવાના છો?' મને કોઈ જવાબ મળ્યો નહીં, અને રાષ્ટ્રપતિ શી એ તેમને મંજૂરી આપી નહીં.' તેમણે ઉમેર્યું, 'હું ઈચ્છું છું કે મારું મંત્રીમંડળ પણ આ રીતે વર્તે.' બેઠક દરમિયાન, ટ્રમ્પે ખાસ કરીને ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સને પૂછ્યું, 'તમે આ રીતે કેમ વર્તન નથી કરતા?'

## અક્ષર પટેલના ઓલરાઉન્ડર પ્રદર્શનના કારણે ભારતે ઓસ્ટ્રેલિયાને ૪૮ રનથી હરાવ્યું

કરેરા તા. ૬

ભારતે ચોથી T૨૦ મેચમાં ઓસ્ટ્રેલિયાને ૪૮ રનથી હરાવ્યું. ગોલ્ડ કોસ્ટમાં ગુરુવારે ૧૬૮ રનનો ટાર્ગેટ ચેઝ કરી રહેલી ઓસ્ટ્રેલિયન ટીમ ૧૮.૨ ઓવરમાં ૧૧૯ રન પર ઓલઆઉટ થઈ ગઈ.

ઈન્ડિયા તરફથી વોશિંગ્ટન સુંદરે માત્ર ૩ રન આપીને ૩ વિકેટ ઝડપી. અક્ષર પટેલ અને શિવમ દુબેને ૨-૨ વિકેટ મળી.

ટૉસ હારી જતાં પહેલા બેટિંગ કરતાં ભારતીય ટીમે ૨૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવીને ૧૬૭ રન બનાવ્યા. શુભમન ગિલે સૌથી વધુ ૪૬ રનની ઈનિંગ્સ રમી. તેણે અભિષેક શર્મા સાથે ૫૬ રનની



ઓપનિંગ ભાગીદારી કરી. કેપ્ટન સૂર્યકુમાર યાદવે ૧૦ બોલમાં ૨૦ રન બનાવ્યા હતા. તો છેલ્લે અક્ષર પટેલે ૧૧ બોલમાં ૨૧* રન બનાવ્યા હતા. શિવમ દુબે ૨૨ રન બનાવીને આઉટ થયો.

ઓસ્ટ્રેલિયા તરફથી નાથન એલિસ અને એડમ ઝમ્પાએ ૩-૩ વિકેટ ઝડપી. ઝેવિયર બાર્ટલેટ અને માર્કસ સ્ટોઈનિસને ૧-૧ વિકેટ મળી. આ જીત સાથે જ ભારતીય ટીમે ૫ મેચની T૨૦ સિરીઝમાં ૨-૧ની લીડ મેળવી લીધી છે. સિરીઝનો પહેલો મુકાબલો અનિર્ણીત રહ્યો હતો. ઓસ્ટ્રેલિયાએ બીજી મેચ જીતીને ૧-૦ની લીડ લીધી હતી. ત્યારબાદ ભારતે ત્રીજી મેચમાં જીત નોંધાવીને ૧-૧ની બરાબરી કરી હતી. હવે સિરીઝની પાંચમી અને છેલ્લી મેચ કેનબેરાના ધ ગાબા સ્ટેડિયમમાં શનિવારે ૮ નવેમ્બરના રોજ રમાશે.

# ગુજરાત આવતા પ્રવાસીઓ મોબાઈલ એપ્લિકેશન દ્વારા મિનિટોમાં દારૂ પીવાની પરવાનગી મેળવી શકશે

ગાંધીનગર,તા.૬

ગુજરાત સરકારે દારૂ પ્રેમીઓને પરમિટ આપવાની પ્રક્રિયા સરળ બનાવવાનો નિર્ણય લીધો છે. જેમાં રાજ્ય સરકાર હવે એક મોબાઈલ એપ આપશે જેથી પ્રવાસીઓ અને અન્ય રાજ્યોથી આવતા લોકોને આ રાજ્યમાં દારૂ પીવાની મંજૂરી મળશે જ્યાં દારૂ પીવા પર પ્રતિબંધ છે. લોકો ફક્ત મોબાઈલ એપ દ્વારા જ દારૂ પીવાની પરવાનગી મેળવી શકશે. હાલમાં, રાજ્ય સરકારની વેબસાઈટ પર જઈને પરમિટ માટે અરજી કરવાની રહેશે. ગુજરાતમાં દારૂ પીવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. એકમાત્ર ગિફ્ટ સિટી એવી જગ્યા છે જ્યાં પરમિટ સાથે સમગ્ર વિસ્તારમાં દારૂ પીવાની મંજૂરી છે. સરકારના આ નિર્ણયથી કાગળકામ પણ ઓછું થશે. એટલું જ નહીં, તે પ્રવાસીઓ અને સ્થળાંતર કરનારાઓ માટે અનુકૂળ રહેશે. ગુજરાતની




મુલાકાત લેતા સ્થાનિક અને વિદેશી પ્રવાસીઓને હાલમાં હોટલ કાઉન્ટર પર કાગળકામની લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. પ્રવાસીઓએ નિયુક્ત હોટલોમાં દારૂની દુકાનોની મુલાકાત લેવી પડે છે, ફોર્મ ભરવા પડે છે અને દસ્તાવેજો સબમિટ કરવા પડે છે. ત્યારબાદ હોટલ સ્ટાફ તે દસ્તાવેજો સરકારી કચેરીમાં મોકલે છે અને મંજૂરીની રાહ જુએ છે. નવી એપ્લિકેશન એક જ ક્લિકથી આ સમગ્ર અમલદારશાહી પ્રક્રિયાને સરળ બનાવશે. એક મોબાઈલ એપ્લિકેશન પ્રવાસીઓને ઓનલાઈન દારૂ પરમિટ મેળવવાની મંજૂરી આપશે.

# રાજકોટ એસઓજીએ રૂા.૨.૯૬ કરોડના એમ્બરગ્રીસ સાથે ત્રણ શખ્સોને ઝડપ્યા

રાજકોટ,તા.૦૬

રાજકોટ શહેર SOG દ્વારા એમ્બરગ્રીસ એટલે કે વહેલ માછલીની ઉલ્ટી સાથે ત્રણ શખ્સની ધરપકડ કરવામાં આવી છે. જેની પાસેથી પોલીસે ૨.૯૬ કરોડની કિંમતનો એમ્બરગ્રીસનો જથ્થો ઝડપી પાડ્યો છે. ઝડપાયેલા આરોપીના નામ નરેન્દ્રસિંહ મહીપતસિંહ જાડેજા (ઉ.વ.૫૧), પરેશ ચંદ્રકાંત શાહ (ઉ.વ.૬૬) અને આશીષ સુરેશ



ભટ્ટ (ઉ.વ.૪૮) છે, જે મૂળ સુરેન્દ્રનગરના વતની હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. પકડાયેલ આરોપી નરેન્દ્રસિંહ જાડેજા મુખ્ય સૂત્રધાર છે અને તેને બાબરાનો શખ્સ વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બગ્રીસ) આપી ગયો હતો. તેણે અન્ય બે શખ્સો સાથે

**આરોપીને બાબરાનો એક શખ્સ એમ્બરગ્રીસ આપી ગયો હોવાનો ખુલાસો**

મળી રાજકોટમાં ગ્રાહકોની શોધખોળ કરતા શાસ્ત્રી મેદાન પાસે પહોંચતા SOG દ્વારા ચોક્કસ બાતમીના આધારે આરોપીઓને એમ્બરગ્રીસના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યા છે, જેની ધરપકડ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજ્યની ૫૪ હજાર શાળાઓ બાળકોની ચિચિયારીથી ગૂંજી ઉઠી

રાજકોટ,તા.૦૬

રાજ્યની ૫૪ હજાર કરતાં પણ વધુ સ્કૂલો ગુરૂવારથી ફરી ધમધમતી થઈ ગઈ છે. રાજ્યની સ્કૂલોમાં ૧૬ ઓક્ટોબરથી



૬ નવેમ્બર સુધી ૨૧ દિવસનું દિવાળી વેકેશન આપવામાં આવ્યું હતું. ૨૧ દિવસનું દિવાળી વેકેશન તા.૦૬ના રોજ પૂર્ણ થઈ ગયું છે, જેથી ગુજરાત બોર્ડની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં ગુરૂવારથી બીજા શૈક્ષણિક સત્રની શરૂઆત થઈ છે. ગુરૂવારથી ૫૪ હજાર કરતા વધુ સ્કૂલોમાં બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ગયો છે. બીજું શૈક્ષણિક સત્ર તા.૦૬થી લઈને ૩ મે સુધી એટલે કે ૧૪૪ દિવસ સુધી ચાલવાનું છે.

# વલસાડના અટગામ ખાતે ડીઆરઆઈએ રૂ.૨૦ કરોડનું પ્રવાહી ડ્રગ્સ ઝડપી પાડ્યું

વલસાડ,તા.૦૬

વલસાડ જિલ્લામાં ડ્રગ્સ વિરુદ્ધની સૌથી મોટી કાર્યવાહી બહાર આવી છે. ડિરેક્ટરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ) એ ગુપ્ત માહિતીના આધારે અટગામ ગામ ખાતે ચાલી રહેલી એક ગુપ્ત ડ્રગ્સ બનાવતી ફેક્ટરી પર દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન ડીઆરઆઈની ટીમે અંદાજે ૨૦ કરોડ રૂપિયાથી વધુ કિંમતનો ૧૧૪ કિલોગ્રામ



પ્રવાહી સ્વરૂપનો ડ્રગ્સનો જથ્થો જપ્ત કર્યો છે. આ ફેક્ટરીમાં ચાલતા ગેરકાયદે ઉત્પાદન કાર્યને જોઈ અધિકારીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા, કારણ કે દેખાવમાં આ ફેક્ટરી સામાન્ય રસાયણિક (કેમિકલ) યુનિટ જેવી લાગતી હતી, પરંતુ અંદર હાઈ-વેલ્યુ નાર્કોટિક્સ બનાવવામાં આવતું હતું. ડીઆરઆઈને છેલ્લા થોડા સમયથી સુત્રો મારફતે માહિતી મળી રહી હતી કે વલસાડ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોઈ ગુપ્ત લેબોરેટરી મારફતે નાર્કોટિક્સ તૈયાર થઈ રહ્યું છે. ટીમે આ માહિતીની તપાસ કર્યા બાદ અટગામ ગામે આવેલી એક ભાડે લીધી દુકાન અને ગોડાઉન જેવા મકાન પર રેઈડ પાડી હતી.




# અંજારમાં સાવકો પિતા બન્યો હેવાન : ૨ વર્ષના બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું

ભુજ,તા.૬

કચ્છ પૂર્વના અંજાર નજીક આવેલા એક ગામમાં બે વર્ષના માસૂમ આંગળિયાત પુત્ર સાથે સાવકા ૨૫ વર્ષીય પિતાએ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સમગ્ર મામલે ભોગ બનનાર બાળકની ૨૫ વર્ષીય માતા દ્વારા બાળકના સાવકા પિતા વિરુદ્ધ અંજાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે પણ આરોપીને ઝડપી પાડ્યો છે. મહિલાના પ્રથમ પતિનું મૃત્યુ થતાં તેણે બે વર્ષ પૂર્વે આરોપી સાથે લગ્ન કર્યા હતા. આગલા પતિથી થયેલા બે સંતાનોને આંગળિયાત તરીકે તે સાથે લાવી હતી.

